

બાપુની કૂચ

બાળપુસ્તકમાળાનું પુસ્તક ચોથું

બાપુની કૂચ

ઇન્દુપ્રસાદ ભટ્ટ
મણિલાલ ઠાકર

પ્રકાશક:
નટવરલાલ દવે
મંત્રી, ઉષા પ્રકાશન મંદિર
આણંદ

પ્રથમ આવૃત્તિ: ૨૦૦૦; સંવત ૧૯૮૭
કિંમત પાંચ આના

આણંદ ચરોતર પ્રિન્ટિંગ પ્રેસમાં શનાભાઈ મથુરભાઈ
પટેલે નટવરલાલ માણેકલાલ દવેને માટે છાપ્યું.

મંગળાચરણ

પશુબળના પાયા ઉપર રચાએલી આ સમાજસંસ્થામાં બળવાન નિર્બળને સિતમચક્કીમાં પીસ્યે જાય છે. તે નિર્બળને ખભે બેશીને મજાહ ઉડાવ્યે જાય છે, નિર્બળ બળવાનને ભારે દબાઈને પારાવાર દુઃખ ભોગવી રહ્યો છે. આ અસમાન વ્યવસ્થાને પરિણામે પીડા કરનાર અને પીડા પામનાર એ બન્ને અશાન્તિ ભોગવી રહ્યા છે. બન્નેને જીવન અકારૂં થઇ પડયું છે. એવા દુઃખજીવનમાંથી છુટવા બન્ને તરફડીઆં મારી રહ્યા છે.

આજથી અઢી હજાર વર્ષ ઉપર બુદ્ધ ભગવાન સંસારને દુઃખે બળી ઉઠયા. જગતનું દુઃખ દૂર કરવા પોતાનું સર્વસ્વ બાળી નાખી ચાલી નિકળ્યા. છ વર્ષ નિવૃત્તિમાર્ગે તપશ્ચર્યા કરી તેમણે દુઃખનાશનો ઉપાય શોધ્યો. બ્રાહ્મણ ધર્મના સિતમોમાંથી મુક્ત થવા તેમણે લોકને અહિંસામાર્ગ બતાવ્યો, આત્મશોધનને માર્ગે વાળ્યા. છતાંય બૌદ્ધ ધર્મની છાતી ઉપર સમાજની પાશવજડતા પાછી ચઢી બેઠી.

બે હજાર વર્ષ ઉપર જેરુસલેમના એક પરાની ધર્મ-શાળામાં અજાણી રાતે એક મહાત્માનો જન્મ થયો. એમનું નામ જેસસ. સંસારનાં દુઃખ તેમનાથી જોયાં ગયાં નહિ, અસ-માનતા તેમને ડંખવા લાગી. તેમણે બાર વર્ષ તપશ્ચર્યા કરી. તેમને સહનશીલતા અને સત્ય એ બે મુક્તિમાર્ગ જડયા, તેનો તેમણે લોકોને ઉપદેશ આપવા માંડયો. યાહુદીઓના પુરાણા ધર્મનું અને ચક્રવર્તી રોમન સામ્રાજ્યનું સિતમગાર

કાંડું પકડવા એ મહાત્મા જેરુસલેમ ગયા. ત્યાં એ જુલ્મગાર સત્તાએ સહકાર કરીને જેસસને ક્રોસ ઉપર ચઢાવી દીધા, જેસસ ક્રાઇસ્ટ થયા. એમના શિષ્યો ખ્રિસ્તી થયા. પણ છતાં ય સમાજની પાશવ જડતાએ આજે ખ્રિસ્તીને અખ્રિસ્તી બનાવી દીધા છે.

એ અખ્રિસ્તી આવીને આજે ભારતની છાતી ઉપર ચઢી બેઠો છે. એણે પોતાના દેશની અખ્રિસ્ત ભાવના અહીં આણીને આપણી ભાવનાને રોળી નાખી છે. ત્યાંની આર્થિક ભાવનાઓને અહીં આણીને આપણા સમાજની અસમાનતાને પ્રચંડ વેગ આપ્યો છે. એણે પોતે પણ આ દેશને ગાય માની આંચળમાંથી લોહી નિકળતા સુધી ચુસવા માંડ્યો છે. પરિણામે ધનવાન નિર્ધન થઇ ગયો છે, નિર્ધનની પીડા ખૂબ વધી ગઇ છે. સમાજ નાશની અણિ ઉપર હતો, તેવે જ આપણા મહાત્મા આવ્યા. વર્ષોનાં વર્ષ દેશપરદેશમાં પ્રવૃત્તિમાર્ગે તપશ્ચર્યા તપ્યા, એમણે સત્યના પ્રયોગ કર્યા. પ્રચંડ સમુદ્રમંથન પછી એમને અમૂલ્ય રત્ન લાધ્યું: સત્ય અને અહિંસા—અહિંસાત્મક સત્યાગ્રહ. અંગ્રેજને સંભળાવી દીધું જે હિંસાનો તારો જુલમગાર પંજો પ્રજાને માથેથી ઉઠાવી લે, પ્રજાને જીવવા દે. પાશવ બળ ઉપર ઝુઝનાર અખ્રિસ્ત અંગ્રેજે મહાત્માનાં વચનને તુચ્છ ગણ્યાં. અંગ્રેજના સમસ્ત રાજ્યતંત્રના એક જ ચક્ર ઉપર હાથ મુકી આખા યંત્રને અટકાવી દેવાનો મહાત્માએ ઉદ્યોગ આરંભ્યો.

અંગ્રેજે જ્યાં જ્યાં ફાવ્યું ત્યાં ત્યાં પ્રજા ઉપર કર નાખી

તેને ચુશી નાખવાના ઉપાય યોજ્યા છે. દરિયાના ખારા પાણી ઉપર—એ પાણીમાંથી પાકતા મીઠા ઉપર—પણ કર નાખ્યો છે. પ્રજાના સૌ વર્ગને—અને ખાસ કરીને ગરીબ ખેડુતને વધારે—એ કર આપવો પડે છે. આ ચક્ર પકડવાથી રાજ્યતંત્ર અટકાવી દેવામાં સૌનો સાથ મળે, એવી ધારણાએ મહાત્મા પડકાર કરીને સાબરમતીને પુણ્યતીર્થેથી ગઇ સાલ ફાગણ માસે સુદિ બારસ ને બુધવારને મંગળપ્રભાતે પગપાળા નિકળી ચાલ્યા. પુણ્યધામ દાંડી જઇ ચૈત્ર સુદિ આઠમ ને રવિને મંગળપ્રભાતે સમુદ્રસ્નાન કરી પ્રતિજ્ઞા પ્રમાણે લવણનો પ્રસાદ લીધો.

સાબરમતીથી દાંડી જતાં મહાત્માજીનાં દર્શન કરવા લોકનું પૂર ઉલટેલું. મહાત્માજીએ પોતાનાં ભાષણોથી એ લોકના હૃદયમાં ચેતનનો પ્રચંડ અગ્નિ સળગાવ્યો. પરિણામે આખા દેશની પ્રજાએ આ સત્યાગ્રહના અહિંસાત્મક સંગ્રામમાં માથું મુકી ઝંપલાવ્યું. અનેકોએ ઘરબાર ઉલાળી નાખી ઝંપલાવ્યું. ભણતો અને ભણેલો વર્ગ કંઇક અસ્પર્શ્ય રહ્યો, પણ અબળા ગણાતી નારીએ પ્રબળ સ્વરૂપ ધારણ કરી ઝંપલાવ્યું. મહાત્માજીએ પગપાળા જાત્રા કરી તેનાં આ સૌ ફળ. જાત્રાની એ વાર્તાઓ આ પુસ્તકમાં આપેલી છે. વાર્તાઓ બાળકો માટે લખાએલી છે અને લેખકો બાળસ્વભાવને અનુસરી વાર્તા લખવામાં સિદ્ધહસ્ત છે. બાળકો અને મોટાંઓ પણ આ વાર્તાઓ વાંચે અને બીજી એવી માગે એવી આશા નિરર્થક નથી.

અક્ષયતૃતીયા

નરસિંહભાઇ પટેલ

સંપાદકોનું કથન

બાળપુસ્તકમાળાનું આ ચોથું પુસ્તક રજુ કરતાં અમને હર્ષ થાય છે. પહેલે વરસે ચાલુ સ્વરાજની લડતને લીધે ઇચ્છા હોવા છતાં નિયમિત ન રહી શકાયું તે માટે માફી ચાહીએ છીએ.

આ વર્ષનાં બાકીનાં બે પુસ્તકો એક માસમાં આપી દઇ જુલાઇથી બરાબર રીતે બીજું વર્ષ શરૂ કરવાની અમે આશા રાખીએ છીએ.

'બાપુની કુચ'માં અમે કેટલાક પાઠો બીજા લેખકોના લીધા છે. તેઓનાં નામ પાઠની નીચે મૂક્યાં છે, તથા 'પાટીદાર'ના તંત્રી શ્રી. નરસિંહભાઇ પટેલે પ્રસ્તાવના લખી આપી અમને સહકાર આપ્યો છે. આ બધાનો અમે આભાર માનીએ છીએ.

બાળ પુસ્તકમાળા માટે ગૂજરાતી જનતાનો વધુ સહકાર અને મદદ માગી અમારું કથન પુરું કરીએ છીએ.

ચૈત્રી પૂર્ણિમા: ૧૯૮૭

ઇન્દુપ્રસાદ ભટ્ટ
મણિલાલ ઠાકર

બાળ પુસ્તકમાળા : સુંદર સસ્તી માળા

પહેલા વર્ષનાં પુસ્તકો :

૧. **વાતબહેનાં:** (સચિત્ર) કિમ્મત: ૦-૮-૦.
વસ્તુ, શૈલી, ગુંથણીમાં વિવિધ એવી બાલ ૧૬ વાર્તાઓનો સંગ્રહ

૨. **ભોળી જમના:** (સચિત્ર) કિમ્મત: ૦-૮-૦.
(બાલસાહિત્યમાં એકલીજ સફળ સામાજિક નવલકથા.)

૩. **ઇન્દિરાને પત્રો:** (સચિત્ર) કિમ્મત: ૦-૮-૦.
(રાષ્ટ્રપતિ શ્રી. જવાહરલાલ નેહરુએ આ પત્રો લખી પૃથ્વી અને માનવ જીવનનો અદ્ભુત ઇતિહાસ પોતાની દશ વરસની દીકરી ચિ. ઇન્દિરાને સમજાવ્યો છે.

૪. **બાપુની કૂચ:** કિમ્મત: ૦-૫-૦.
(પૂણ્ય શ્લોક ગાંધીજીની ઐતિહાસિક કૂચથી માંડીને તે યરવડામાં પૂરાયા ત્યાં સુધીનાં પ્રસંગોમાંથી સુંદર ઓગણચાલીશ પ્રસંગોનાં શબ્દ ચિત્રો.)

૫. **પરિમલ:** (છપાય છે.) કિમ્મત: ૦-૬-૦.
(જીવન-પરાગ ફોરતી કથાઓ ને બાળનાટકોનો સંગ્રહ.)

૬. **તોરણ:** (છપાય છે.) કિમ્મત: ૦-૬-૦.
(જાપાની બાલવાર્તાઓનો સંગ્રહ.)

સામટા આખા વર્ષના સેટના રૂા. ૨-૪-૦ (પોસ્ટેજ સાથે)

ઉષા પ્રકાશન મંદિર : આણંદ

આ ઘરડેઘડપણ પગપાળો મુસાફરી કરી રહ્યો છું તેનું કારણ ઉંડું છે. કારણકે મારે સારુ આ ધર્મયાત્રા છે. જીવનની છેલ્લી યાત્રા છે. તેથી ગમે તેટલું દુઃખ સહન કરવું પડે તોપણ સહન કરવા તૈયાર થઇ ગયો છું.

*   *   *

પ્રતિજ્ઞા લીધી છે તે ફરવાની નથી. × × × કાગડા કુતરાને મોતે મરીશ, સ્વરાજ્યની ઝંખના કરતો રઝળી રવડીને મરીશ, પણ પાછો ફરવાનો નથી.

— ગાંધીજી

૧

બાપુ કેમ?

રામદાસ ને દેવદાસ કહે, “મારા બાપુનું નામ ગાંધીજી.”

લક્ષ્મી કહે, “ગાંધીજી તો મારા બાપુ.”

ધોળી દાઢીવાળા અબ્બાસ સાહેબ કહે, “ગાંધીજી મારા પણ બાપુ થાય.”

ગાંધીજી પોતે કહે, “ખરી વાત. હું જેટલો રામદાસનો બાપુ, તેટલો બધાંયનો બાપુ. મારે મન બધા ય સરખા.”

આમ ગાંધીજી સૌના બાપુ થાય.

૨

પાણીના પૈસા

આપણા આ બાપુની એક વાત છે: સરકારનો તલાટી આવે, ને બાપુને કહે, "ગાંધી, જમીનના હવે બેના બદલે ત્રણ રૂપીઆ કર ભરવો પડશે."

બાપુ કહે, "ના, હું ભરવાનો જ નથી. જમીન તો મારી છે."

સરકારનો મામલતદાર આવે ને બાપુને સંભળાવે, "ગાંધી, તમારાથી કાગળ લખાશે નહિ, લોકોની સાથે ભાષણ કરાશે નહિ."

બાપુ કહે, "જાવરે ભાઈ, હું તો કાગળો લખવાનો ને ભાષણો કરવાનો."

સરકારનો નાણામંત્રી આવે ને બાપુને કહે, "ગાંધી, વિલાયત રૂપીઆ મોકલવો છે, લાવો ૧ શિલીંગ ને ૬ પેન્સ."

બાપુ કહેશે "એમ કેમ ભાઇ, એ નહિ બને. સોનાનાં નાણાં અમનેજ ચલાવવા દોને."

સરકાર કહે, "લોક દારૂ પીએ અને એના પૈસાથી મારે છોકરાં ભણાવવાં છે."

બાપુ કહે, "અમારાં છોકરાં ભણવાજ નહિ આવે."

સરકારનો મીઠા માસ્તર આવે ને કહે, "ગાંધી, મીઠું ભલે દરિયાના પાણીનું બને. દસ પાઇનું મણ ભલે પડે. પણ પહેલાં અમારી ૨૦૦ પાઈ આપી દો."

બાપુ ગાંધીજી કહે, "એ તો હરગીજ નહિ મળે. બાળકને મીઠું જોઇએ, માણસને મીઠું જોઇએ, ઢોરને મીઠું જોઇએ, ઝાડને મીઠું જોઇએ. મીઠું પાણીનું બને અને પાણીના તો પૈસા પડતા હશે? જોઉં છું તમે કેવા લો છો!"

૩

લડતનાં મંડાણ

પછી બાપુએ દેશની આગળ સો વાતની એક વાત મૂકી.

"સરકાર તરફનાં બહુ દુઃખ. એક કરતાં બીજું વધે. બીજા કરતાં ત્રીજું વધે. જમીન તો કે લાવો કર. પાણી તો કે લાવો કર. મીઠુ તો કે લાવો કર. બોલીએ તો બે મારે

અને ના બોલીએ તો ત્રણ મારે. એમ હવે ક્યાં સુધી ચલાવી શકાય? કાં તો આપણે નહિ કે સરકાર નહિ.”

દેશ બધો તૈયાર થયો.

દિવસ નક્કી થયો, ને લડતની બાજી બધી ગોઠવાઇ ગઇ કે, “સંવત ૧૯૮૬ના ફાગણ સુદી બારસને બુધવારનો દિવસ આવશે. સાબરમતી નદી ઉપર બાપુનો આશ્રમ છે ત્યાંથી મીઠું પકવવા બાપુ કૂચ કરશે.”

વળી બાપુએ વિચાર કરી સરકારને એક કાગળ મોકલ્યો: “ચેતવું હોય તો ચેતી જજો, માનવું હોય તો માની જાઓ. આવતા બુધવાર પછી તમે અમારા સરકાર નહિ, અમે બધા પાણીમાંથી મીઠું પકાવીશું. પાણીના પૈસા નહિ મળે. કરવું હોય તે કરી લેજો.”

સરદારને ઝડપ્યા

બાપુના એક સૈનિક છે. વલ્લભભાઇ પટેલ તેમનું નામ. બાપુના બધા સૈનિકોના તે નાયક છે. સૌ તેમને 'સરદાર' કહી બોલાવે.

બાપુની લડાઇ હોય તો સરદાર મોખરે જ ખડા હોય. ધાબળો ઓઢીને ઉભા હોય. નમતી તીરછી નજરે જોતા હોય. 'હાંકે રાખો' એમ બોલતા હોય.

સરકાર બાપુથી ના બીએ, એટલી સરદારથી બીએ. વલ્લભભાઇ તો એવા જબરા કે ચીનગારી ચાંપે તો સઘળું સળગીને રાખ થાય. રાસ ગામે સરદાર ભાષણ કરવા ગયા ત્યાં સરકારે તેઓને હુકમ આપ્યો, "વલ્લભભાઇ, તમારે બોલવાનું બંધ."

સરદાર કહે, "એમ કેમ બને? પરમેશ્વરે જીભ આપી તે કાપી નંખાય?"

"ત્યારે ચાલો જેલમાં."

સરદાર કહે, "આગળ ચાલો, તૈયાર છું."

પછી સરકારે એવા સરદારને ઝડપી લીધા.

૫

કૂચની પહેલી રાતે

સાબરમતીના એક કાંઠે બાપુનો આશ્રમ, અને બીજે કાંઠે અમદાવાદ શહેર.

બાપુ લડત માંડે, કોણ જાણ્યા વગર રહે? ફળીએ ફળીએ બાપુની વાતો ચાલી. મીઠાની વાતો ચાલી. સરકારની વાતો ચાલી. સરદાર વલ્લભભાઈ પટેલની કંઈ બાકી રહે?

સૌ બારશને બુધવારની રાહ જોતા રહ્યા. દિવસ પછી દિવસ ગયા. અગીઆરશને મંગળવાર થયો. સૌ રાહ જૂએ કે "સરકાર કંઈ કરે છે?"

અગીઆરશની રાત પડી. નાના ચાલ્યા. મોટા ચાલ્યા. ઘરડા ચાલ્યા. બહેનો ને બાળકો ચાલ્યાં. મોટરવાળા પણ ચાલ્યા. આશ્રમને ઘેરી લીધો. સૌએ પેટ ભરી ભરી બાપુનાં દર્શન કર્યાં. આખી રાત આશ્રમને બારણે ગાળી. ટોળે

ટોળે વાત ચાલી: “આજે બાર વાગે ગાંધીજી પકડાશે.”

બધા કહે, “હા ભાઇ હા.”

બાપુ કહે, “તૈયાર જ છું ને.”

લોક સ્ટેશને જોઇ આવે કે બાપુને લઇ જવા કોઇ ગાડી આવી છે!

લોક રસ્તે રસ્તે જૂએ કે કોઇ સરકારી સિપાઇ ગાંધીજીને લેવા આવે છે?

લોકો કહે, “રાતના બાર વાગે તો આવશે.”

કોઇ ન આવ્યું.

લોકો કહે, “રાતના ત્રણ વાગે તો જરૂર આવશે.”

કાળો કાગડોય ન આવ્યો.

લોકો કહે, “કૂચ કરતાં જ પકડી લેશે, કે આશ્રમની બહાર જવાની મનાઇ કરશે.”

છ વાગ્યા ને કશું યે ન થયું. બાપુ તો હસતા હસતા કૂચ કદમ કરવા તૈયાર થયા.

૬

પૂર્વ તૈયારી

બારશને બુધવારનું પરોઢીઉં થયું. બાપુ કહે, 'દોસ્તો ચલો લડાઇમાં. લડાઇ સતની. રામનામના આધારની. મીઠું દરિયા કાંઠે પકવવાનું. સરકારને કરવું હોય તે કરે. પકડે તો જેલમાં જઇશું. ધોલધાપડ કરશે તો 'તારે હાથે વાગ્યું તો નથીને' એમ પૂછવાનું. ગોળી મારે તો, ભલે ભાઇ, લે અમારું બલિદાન. અમે ઓછા નથી. તેત્રીશ કરોડ છીએ! મીઠું પાણીનું બને. અને મણ મીઠાને પકવતાં પૂરી દસ પાઇએ ન થાય તો પછી સરકારને તે ઉપર બસો પાઇ શેની આપીએ?"

કોઇ પૂછે, "બાપુ, ખાવાનું લેવાનું કે?"

"ના રે, ખાવાનું ભીખ માગીને."

કોઇ પૂછે, "બાપુ, હજામતનું કેમ?"

બાપુ કહે, "હજામની ક્યાં ખોટ છે!"

કોઇ પૂછે, "બાપુ, ચાલતાજ જઇશું ને?"

"લો વળી, ગાડીમાં જઇએ તો કોણ મળે! આપણા ભાઇઓ બધા ગામડાંમાં રહે છે. તેઓની જોડે મળીશું, ખાઇશું, પીશું, ગાઇશું ને નાચશું. એમ મઝા ઉડાવીશું."

કોઇ બોલ્યું, "ત્યારે આશ્રમમાં કોણ બાપુ?"

બાપુ કહે "પેલો ઇશ્વર, બહેનો ને બાળકો, હાલ તો આશ્રમમાં રહી જાય. પછી રંગ જામે તો તેઓ પણ આપણી પાછળ કૂદી પડે."

એક બાળક પૂછે, "બાપુ, કૂચ કરીને ક્યાં જવાનું?"

બાપુ "પેથાપુર" કહીને તો હસી પડ્યા ને બોલ્યા "લો હવે જાહેર કરું. સુરત જિલ્લામાં દાંડી એક બંદર છે ત્યાં કૂચ કરવાની છે."

૭

બાપુની સેના ચાલી

બરાબર સવારના છના ટકોરા થયા. સૈનિકો એકતાર થયા. સૌથી આગળ બાપુ પોતે ઉભા. પાછળ બબ્બેની ચાળીશ હાર થઇ.

કપાળમાં કંકુનો ચાંલ્લો છે, પાછળ બીસ્ત્રો બાંધ્યો છે. બીસ્ત્રામાં તકલી ને પૂણી. બીસ્ત્રામાં થાળી ને લોટો. સોયદોરો પડીકામાં છે. ઉપર એક કામળી છે. દરિયા કાંઠે જલાલપુર ભણી વાટ લેવાની ઠરી.

છ થયા ને બાપુએ હાથમાં લાકડી લીધી. વાંકીચુંકી ને ગાંઠોવાળી લાકડીને ટેકે બાપુ ચાલ્યા.

બાપુની એક 'બા' છે.

બાપુ કહે "બા, જાઉં છું. હવે જીવતો હોઇશ અને સ્વરાજ લાવીશ તો આવીશ."

બાપુને બાળકોની દોસ્તી. જતાં જતાંયે બાપુ કંઇ ચૂકે? એક બાળાને તાવ ને બળીઆ નીક-

ળેલા. જતાં જતાં તેને ય મળી ધપ્પો મારી આવ્યા.

આશ્રમના આંગણાના રસ્તે બધાં ભેગાં થયાં. કૂચકદમને લીધે સૌ ખડાં થયાં. એક, દો, તીન એમ ગીન્તી થઇ. બાપુને પગેલાગણુ થયું. કંકુ ને અક્ષત, સુતર ને ફૂલથી પૂજન થયાં.

પછી તો ગીત ગવાયું:

"વૈષ્ણુવ જન તો તેને રે કહીએ
જે પીડ પરાઇ જાણે રે.
પર દુઃખે ઉપકાર કરે ને
મન અભિમાન ન આણે....રે"

ગીત પૂરું થતાં ધૂન ચાલી:

"રઘુપતિ રાઘવ રાજારામ
પતિત પાવન સીતારામ."

સીસોટી થઇ ને કૂચકદમ શરું થઇ. બાપુ દોડયા દોડયા ચાલ્યા જાય. જાણે હંસ કે મોર જાય. વચ્ચે કોઇ મળે તો દાંત કાઢીને હસી પડે.

સૌની પાછળ સ્વરાજનું ગાડું હતું. બે બળદે જોડયું હતું. ઉપર બે વાવટા ઉડતા હતા. વાવટા આપણા દેશના હતા.

ગાડામાં ખાદી હતી. માંય બેઠેલા વાણોતર બોલે ને ખાદી વેચે.

"ભાઇ, ખાદી લો, ખાદી લો,
સોંઘી સફેદ ખાદી લો.
ગરીબની ગાય જેવી ખાદી લો.
ખાદી લો, ખાદી લો."

સૌથી પાછળ એક ઘોડો હતો. ઘોડો રાતો હતો. ગળે ફૂલની માળા હતી. એ તો બાપુનું ટટ્ટુ હતું.

લોકનાં ટોળે ટોળાં અહીં ઉતરી આવેલાં.

અમદાવાદની ભાગોળ આવી. નદી સરસો પુલ હતો. પણ "સાંકડો પડશે. લોકોની ભીડ છે. ચાલો નદી વચ્ચેથી જઇએ."

વચ્ચે બાપુએ હોળી સળગાવી. હોળીમાં પરદેશી કપડાં.

લોક તો આગળ પાછળ દોડયા જાય.

નદી ઉતરી ચંડોળા તળાવે સંઘ આવ્યો.

બાપુને કંઇ છોડવા ગમે? પણ શું થાય? તળાવની પાળે વિદાય લેવા બેઠા.

૮

વસમી વિદાય

ચંડોળા તળાવની પાળે એક વિસામો છે. વિસામાને ઝાડની છાયા છે.

વિસામે ગાંધીજી બેઠા અને સાથે બધી સેના બેઠી.

લોક બધું સામે બેઠું.

અમદાવાદમાં ત્રણ લાખ માનવી વસે. જબરાં ને માતબર. કાંઠે રહેતો એક ઘરડો સાધુ આજ લંગોટી પહેરીને લોકસુખને માટે નીકળી પડે છે. મોંઢામાં દાંત નથી કે માથે કાળો વાળ નથી. સાથે હિન્દમાતાના હીરા જેવા અગણાએંશી જ સૈનિકો છે.

બાપુ તો સૌને વહાલા. બાપુ આમ હાડ ગાળવા જાય ત્યારે જોયું જોવાય! તેમનું પૂજન કરી લીધું, તોય હૈયું હલકું ન થયું. પેટ ભરી ભરી દર્શન કર્યાં, તોય મન ભારે રહ્યું. હજાર હજાર નમસ્કાર કર્યા, તોય હવે શું કરીએ તેમ થયા કર્યું.

લોક સૌ બાપુને પૂછે, "બાપુ, કઈ જીભે કહેવાય કે ન જશો. દુનીઆનાં દુઃખનો પાર નથી. હજાર હજાર વરસ આજ તમારા દેવ જેવા અવતાર થયા છે. પરભાતના પહોર જેવા ઉજાસ થયા છે. અમારાં અંતરે ઉમળકા આવે છે. સ્વરાજના અને સુખના. પણ બાપુ અમે....?"

બાપુ કહે "ના, હું દાંડી જઈશ. તમે અહીં રહેજો. હું મીઠાની લડત શરૂ કરું એટલે તમે બધા અહીં પણ લડજો. ખુણે ખુણે લડાઈ થાય. માણસે માણસ સરકાર સામે લડી લે. લડાઈ થાય તેમ લડી લે. પણ લડાઈ સતની અને અહિંસાની. બસ. તમે બધા હવે પાછા જાઓ."

પછી ચંડોળેથી સૌ છૂટા પડયા. વિદાયના રામ રામ કર્યા ને લીધા. પાછા ફરતાં રસ્તે

લોક વાતો કરેઃ

"જૂઓને શું ચાલવાની ઝડપ છે!"

"આ ખરું લડવાનું. નહિ બંદુક કે નહિ લાકડી."

"આપણા સારુ જ આ કષ્ટ લે છે ને!"

"૬૧ વર્ષના બાપુ કૂચકદમ કરે તો આપણે જુવાન શું બેસી રહીશું?"

"આજે નિશાળે નહિ જઇએ. બાપુની અને મીઠાની વાતો કરીશું."

"ખાદી જ બધા પહેરે તો બાપુનું કામ થઇ જાય. દેશનું ય કામ થઇ જાય."

ત્યારે પેલી સરકાર શું કરતી હશે? સરકાર બાપડી શું કરે? કોઇ ચોરી કરે તો સરકાર પકડે ને. કોઇ તોફાન કરે તો બંદુક ફોડેને.

આ તો સીધી વાત, સીધી લડત.

૯

બાપુની સેનામાં કોણ કોણ?

બાપુની સેનામાં એંશી જેટલા હતા પણ કોણ કોણ હતા?

તંબુરાવાળા ખરે પંડિત હતા. તકલીવાળા છગનલાલ જોષી હતા. ગાયના ગોવાળ વાલજી દેસાઇ હતા. ખેડુત બનેલા દીનુભાઈ પંડ્યા હતા. પોથીપાનાં વાળા પ્યારેલાલજી હતા. મુસ્લીમ-ભાઇ અબ્બાસમીયાં હતા. અત્યંજ ભાઇ લાલજી હતા અને નાના શંકર અને બાળ પણ હતા.

આ ઉપરાંત દૂરદૂરથી આવેલા તે જુદા. આફ્રિકાથી આવેલા બાપુના દીકરા મણિલાલ

ગાંધી. દિલ્હીથી આવેલા વીર બિરાદર ખડગ બહાદૂર. આમ તો ઘણા ઘણા હતા.

બંગાળી બાબુ હતા. દક્ષિણી દાદા હતા. કર્ણાટકી ને સિંધી હતા. પંજાબી ને મદ્રાસી પણ ખરા. અને બીજા તો ઘણાયે સાથે જવા માગતા હતા પણ બાપુ લે નહિ ને?

વળી સૌનો પહેરવેશ એક સરખો. ખાદીની ધોતી કે ખાદીની ચડ્ડી. ખાદીનું પહેરણ કે ખાદીની બંડી. ખાદી ટોપી તો સૌએ ઓઢેલી. ખભે બીસ્ત્રા ભરવેલા અને થેલી ટાંગેલી.

બે હારમાં સૌ ચાલ્યા જાય. સૌથી આગળ બાપુ જાય.

એક બે—એક બે—પગલાં ભરતા જાય. વંદે-માતરમ્ પોકારતા જાય. સ્વદેશભાન કરાવતા જાય. માનવીનાં મન સળગાવતા જાય. અને લડાઈનો વાવટો ઉરાડતા જાય.

૧૦

પયગામ

કૂચની શરૂઆતના દિવસે બાપુએ પયગામ આપ્યો.

નાના હોય તે વાનર થાય. મોટા હોય તે સૈનિક થાય. બહેનો હોય તે પિકેટર થાય. ઘરે હોય તે પ્રભાતફેરી ફરે ને ખાદી પહેરે. કાંતવા પીંજવાનું સૌ કોઇ જાણી લે. વણનારા વણકરો તો છે જ.

બીજી વાત એ મૂકી:

સરકારને કોઈ એક પાઈ પણ ન આપે. સરકારને કોઈ એક નોકર પણ ન મળે. અને વિદેશી ચીજ કોઈ ખરીદે નહિ.

ગામ ગામ આ પયગામ પહોંચ્યો. ટપોટપ ટપોટપ ઝીલાતા લાગ્યો. કોઈ બાપુના કાગળથી રીઝે. કોઈ તેઓના દર્શનથી રીઝે. તો કોઈ તેઓની વાત સાંભળી તૈયાર થાય.

પણ પ્રથમ વાત છે મીઠાની લડાઈની. દરિયાકાંઠો પાસે હોય તો મીઠું પકાવે. બીન જકાતી મીઠું લાવી વેચે–વેચાવે અને ખરીદ કરે.

કર ભરીને આણેલું મીઠું તો કોઈ વાપરે જ નહિ. આમ કરતાં જેલ લઈ જાય તો જેલમાં જવાનું, લાઠી મારે તો ખાવાની અને ગોળી ચલાવે તો સામી છાતીએ ઝીલવાની.

૧૧

ખેડા જિલ્લામાં પેઠા

ગુજરાત પ્રાંતના પાંચ જિલ્લા. પાંચે પાંડવ જેવા. તેમાં ખેડા જિલ્લો તે ભીમ જેવો જબરો. જરાયે ડરે નહિ. લોક બધા ભોંય ભાગે એવા. ખેડાની સીમ એટલે ચરોતરની મોટી વાડી. સાબરમતી નદી અને મહીમાતાની વચ્ચે તે ફૂલી ફાલેલી.

બાપુ અમદાવાદ જિલ્લામાંથી ચાલી નીકળ્યા.

સરરર કૂચ કદમ કરતા જાય છે.

રસ્તે મળતા લોકને નમતા જાય છે.

નવી વાતો કહેતા જાય છે.

લડાઈનાં બીજ વેરતા જાય છે.

જતાં જતાં ખેડા જિલ્લામાં પગ મૂકે છે.

નવાગામ ગામે આવી પહોંચ્યા.

૧૨

દરબાર સાહેબ

ગામે ગામ બાપુના સૈનિક હોય.

ગામે ગામ બાપુની વાત ચાલે.

માણુસના મનેમન બાપુની આણુ વરતે.

વળી ખેડા જિલ્લામાં મોટા સૈનિક દરબાર સાહેબ. ગોપાળદાસ અંબાઇદાસ દેસાઇ તેમનું આખું નામ. આ ગોપાળદાસ રાજા હતા. ગામનાં ગામના તેઓ ધણી હતા.

ઢસા ગામે તેમનો દરબારગઢ હતો. ત્યાં તેમના દરબાર ભરાતા.

લોક તેમને 'દરબાર સાહેબ' કહેતા. "ખડીખમા" તેમને ત્યાં પોકારાતી.

પણુ આ ગોપાળદાસ જૂદી જાતના રાજા છે. તે એમના મહેલમાં બેસી ન રહે, પણુ ખેડુતની ઝૂંપડીમાં જાય.

તે એમનાં છોકરાં જ ન રમાડે, પણ ગામનાં છોકરાં સાથે દોસ્તી બાંધે ને રાખે.

તે એકલા ઘરમાં ઉજાણી ન કરે, પણ ગામ આખાની સાથે ઉજાણીએ જાય.

તે એકલા ઉત્સાહી ગીતો ન સાંભળે પણ ગામ લોકની સાથે રાસડા લઇને નાચે.

એ એકલા ચોપડીઓ ન વાંચે—ન સાંભળે પણ ગામલોકને ચોપડી વંચાવે અને વાંચી સંભળાવે.

ગામમાં ચોર આવ્યા હોય, તો તેઓ એમ ન કહે, કે "જાઓ સિપાઇઓ." એ તો કહે "ચાલો હું જાતે આવું છું."

ગામમાં ટંટો થાય તો તેઓ ન કહે કે "જાઓ ફોજદાર સાહેબ પાસે." એ તો કહે "ચાલો, હું આ આવ્યો."

ગામમાં બે ભાઇઓ લડી ઉઠે તો તેઓ ન કહે કે "આવો અમારી કૉર્ટમાં." એ તો કહે "હું જાતે તમારે ઘેર આવું છું."

બાપુની હાકલ પડી. પછી આવા પ્રજાના

રાજા કાંઇ બેસી રહે? બાપુની સેનામાં તેઓ ભળી ગયા.

સરકારથી તે જોયું જોવાયું નહિ.

સરકારથી તે ખમ્યું ખમાયું નહિ.

સરકારે પછી હુકમ છોડયો.

"કાં તો ઢસાના દરબાર રહો, દરબારગઢમાં હરો ફરો અને ખાઇ પીને મજા કરો, અથવા તો રાજપાટ છોડી દો."

દરબારને માટે પછી એમ રહ્યું કે કાં તો લોકના રાજા રહેવું કે ગાંધીજીની સેનામાં ભળી લોકના સેવક થવું.

દરબાર સાહેબ લોકના સેવક થયા.

આ બાપુની કૂચ થતી થતી ખેડા જિલ્લામાં આવી ત્યારે તેઓ સિપાઇ થયા.

ચરોતરમાં વસો દરબાર સાહેબનું વતન છે.

ભક્તિબા તેઓનાં રાણી છે.

બાપુએ ખેડા જિલ્લામાં પગરણ માંડયાં એટલે દરબાર સાહેબ સૈનિકોની ફોજ લઇ બાપુના પડખે ઉભા રહી ગયા.

૧૩

ઝૂંપડીમાં ઉતારો

વાસણા ગામમાં વાત આવી, કે બાપુ પધારે છે. બાપુને કેમ ભેટીશું? બાપુને કેમ પધરાવીશું? બાપુને શું શું ગમશે? ગામડા ગામમાં બાપુને માટે શું શું થાય?

રાત જાગીને વિચાર કર્યો. ચોરે બેસીને વચાર કર્યો. પંચ ભરીને વિચાર કર્યો.

ગામની પાદર શોળા મોટા વડ છે. પાસે મોટાનું 'રામયું' ખેતર છે. તેમાંય આંબા-વાડીયું છે. એમાં ગાયના છાણથી લીંપી ગુંપેલી ઘાસની એક ઝુંપડી બાંધી દઇએ. તેમાં બાપુને ઉતારા દઇશું. ઢોળીઆ ઢાળી દઇશું. મીઠાં જળ પાઇશું. બકરીનાં દૂધે નાસ્તો કરાવીશું.

સેના સૌ ધર્મશાળામાં ઉતરશે. મહાદેવ ક્યાં વેગળા છે? બે પગલાં ભરીએ એટલે પહોંચી જવાશે.

બાપુ હજુ એક દિવસ પછી આવવાના હતા. ઘાસની ઝુંપડી બંધાઇ ગઇ. લીપીગુંપીને ફક્કડ થઇ ગઇ. આસપાસથી ગામલોક ઉલટયું. ને રામયું ખેતર ચોકખું ચટ બની ગયું. એક તણખલુંયે ન મળે. કાંટો કાકરો તો શોધ્યો ન જડે.

બીજો દિવસ થયો.

બાપુ આવ્યા. સાથે સૌ સૈનિકોનો સાથ હતો.

બાપુ ઝુંપડી જોઇને હસી પડયા. દાંત કાઢીને સૌને ચકિત કર્યા.

લોક સાથે પેટ ભરી વાતો કરી. ખાધું, પીધું ને મોજ ઉડાવી.

થાક ઉતારીને બાપુ રસ્તે પડયા.

પણ પેલું 'રામયું ખેતર' પછી બાપુના સ્થાનકવાળું ખેતર બન્યું.

આજુબાજુના ગામોમાં આ વાત ચાલી એટલે પછી વાત પૂછો મા!

ધોમ ધકતાં પાણી છંટાયાં

ઉનાળાનો દહાડો હતો. સૂરજ કહે હું તપું. ધોમ ધખવા લાગ્યો. ધરતી બળવા લાગી. સહજ જેટલો તડકો હોય ત્યાં પગ જ ન મંડાય!

બાપુએ વાત વિચારી લીધી. સવાર થયા હોય, ન થયા હોય, ને છના ટકોરા થાય કે બાપુ કૂચ કદમ શરૂ કરે.

સૂરજ માથે આવે, ન આવે ત્યાં થોભી જવું. બપોર ત્યાં ગાળવી. રોટલો ખાવો ને છાશ પીવી. કલાક સુઇ પણ જવું. તાર ટપાલ વાંચી લેવાં—લખી દેવાં.

સાંજના સૂરજ નમતા થાય કે પાછા વિદાય લઇ ચાલતા થવું.

બાપુ જાય ત્યાં વળાવાની ફોજ, તેડાગરોની ફોજ ખડી હોય. આ ફોજ કંઇ નાની નહિ. હજાર બે હજાર તો નાના ગામડાના સીમાડે હોય. અને ગામ હોય તો લાખે લેખાં. બધા બાપુની આગળ પાછળ ફરતા હોય. બાપુની

પાછળ ચાલતા હોય. બાપુની ઝડપે ચાલતા હોય. વંદેમાતરમ્ બોલતા હોય. બાપુની જય પોકારતા હોય. દોડાદોડ થઇ રહેતી હોય. પછી શું કહેવું?

ધૂળના ગોટેગોટા ઉડવા માંડે. ઉપર જોઇએ તો જાણે ધૂળનું વાદળ હાલતું આવે. સામે જોઇએ તો જાણે માનવમેદની દોડતી આવે. સામે થઇને ચલાય નહિ. બાજુએ રહી જોવાય નહિ. ઉંચે ચઢીને ઝાડે ઝાડે માણુસ ઝળુંબે! બાપુ ચાલે તો કોઇ ઉપરથી ફૂલના વરસાદ વરસાવે! ચોખા કંકુથી વધાવી લે.

આણંદ ગામે એક યુક્તિ કરી. ધૂળના ગોટેગોટા બંધ કર્યા. પણ શી રીતે વળી? કહું? આખા રસ્તે પાણી છાંટીને.

બાપુનું દળ બધું હાલી નીકળ્યું. જાણે વાદળ ઉમટયું. છતાં ગોટેગોટા થયા નહિ. ખુ ખુ ખુ થયું નહિ. વાળે, દીલે કે કપડે ધૂળ લાગી નહિ. મોંઢે રૂમાલ કોઇએ દીધો નહિ.

બાપુ રાજી રાજી થયા. પાણી છાંટનારા ખુશી થયા. વાત વાયરો લઇ ગઇ. પછી તો બાપુને પાણી–છાંટયા મારગ મળ્યા.

૧૫

રાસમાં

બોરસદ પાસે 'રાસ' નામે નાનું ગામ છે. નાનું પણ તીખું મરી જેવું! અથવા રાઇના દાણા જેવું! ત્યાં બાપુ આવી પહોંચ્યા.

સરદાર વલ્લભભાઇને આ ગામમાં પકડેલા. તેમની જીભ ચાર માસ માટે કાપી લીધેલી ને સાબરમતી જેલમાં મોકલેલા.

રાસથી આ ભૂલ્યું ભૂલાય નહિ. બાપુ આવે એટલે હિસાબ પણ આપવાનો.

ગામનો મુખી કહે: "હું સરકારનો મુખી નહિ."

ગામનો મતાદાર કહે: "હું સરકારનો મતાદાર નહિ."

ગામનો રાવણીઓ કહે: "હું હવે સરકારનો રાવણીઓ નહિ."

ગામનો વાણીયો કહે: "સાહેબનું સીધું હવે નહિ જોખું."

ગામનો સઇ સુતાર કહે: "વેઠબેઠ હવે અમારાથી નહિ થાય."

ઢેડ સીંધવો કહે: "હુંયે હવે સરકારનો કાગળ તાલુકે નહિ લઇ જાઉં."

કુંભાર કહે: "ચોરામાં હાંલ્લાં ચૈડવાં નહિ આપું. મફતનું પાણી શાનું ભરું?"

લોકો કહે: "સરદાર જેલની બહાર આવે નહિ, સરદાર હુકમ આપે નહિ, ત્યાં સુધી કરની એક પાઈ પણ નહિ આપીએ."

બાપુ ફરતા ચાલતા રાસ આવ્યા. સામૈયું થયું અને ઉપરનો હિસાબ મળ્યો. બાપુ તો રાજીરાજીના રેડ થઇ ગયા અને કહેવા લાગ્યા:

"સરદારની તમે આશા પૂરી. તેઓને તમે ખરા સરદાર બનાવ્યા. હવે સરદાર છૂટી આવે, સ્વરાજ હાથ આવે, મીઠાનો કર નાબુત થાય, ત્યારે સરકારની જોડે વાત કરવાની. નહિ તો કીટ્ટી, કીટ્ટી ને કીટ્ટી."

પછી બાપુ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં રાસના જેવા હિસાબ લેવાયા—અપાયા.

૧૬

દૂધીઆ રાતે કાદવ ખૂંધ્યાં

ભરૂચ જિલ્લા અને ખેડા જિલ્લા વચ્ચે મહી નદી છે. મહી નદીના પહોળા તટ. તેમાં વળી આતો સંગમ પરનો તટ.

ધસમસતી મહીમાતા દોડી આવે. ઉછાળા ભરતા સમદરમાં ભળી જાય. સંગમે રાતે રાતે ભરતી આવે, ઓટ થાય.

જમીન હોય ત્યાં પાણી પાણી. પાણી હોય ત્યાં કાદવ કાદવ. પણ સંગમ ઉપર તો દોઢ માઇલ પાણી પાણી. દોઢ માઇલ કાદવ કાદવ. ઢીંચણથી વધારે પણ ઓછો નહિ.

એમ નક્કી થયું કે બાપુને અને સેનાને રાતના બાર વાગે નદીપાર ઉતારવી. અજવાળી દૂધ જેવી રાત છે. ચાંદામામાનાં અજવાળાં પથરાયાં છે. એટલે પછી વાત શી કરવી!

પાણી ચકચક થાય. કાદવ પણ ચકચક થાય. અને મોજાંમાં ચાંદામામા ઝૂલતા હોય.

બાપુ તો જગના વહાલા અને મોંઘા. હજાર હજાર વર્ષો ગયાં, પણ આવા બાપુ નથી જોયા કે નથી સાંભળ્યા. તેમને આમ મધરાતે પાણી-કાદવમાં જોખમાવાય? પણ બાપુ કહે કે હું લડાઇનો માણસ. પાણી કાદવનો મને ભય નથી! જોજોને તમારાથીયે આગળ જવાનો."

અખાડાના બે જુવાનો હતા. લંગોટ વાળીને બાપુની આસપાસ ઉભા.

બાપુએ બે હાથ તેઓના ખભે મૂક્યા ને કાદવમાં ચલાવ્યું. ફદફદ કરતા જાય. લપસણે

લપસતા જાય. ઉંડા કાદવમાં ઉતરતા જાય. કાદવ કાપતા જાય. કિનારાનો દીવો જોતા જાય.

માથે ચાંદો એકલો એકલો બાપુને જોયા કરે ને હસતો જાય. પેલા જુવાનિયા તો મનમાં-મનમાં કાંપે કે રખેને બાપુને કંઇ થાય તો! સામે કિનારે લોકનાં ટોળેટોળાં હતાં. બાપુને લેવા આવ્યાં હતાં. ઉંચી ડોકે જોતાં હતાં કે બાપુ આવે છે કેવા?

ઝટઝટ તેઓ કાદવ ખૂંદી બહાર આવ્યા, તો પગની સાથળ સુધી કાદવના હૉલબુટ પહેરી દીધેલા. મોટી પવાલી ભરી પાણીથી પગ ધોયા ત્યારે જ પગના હૉલબુટ કાઢી શકાયા.

થાકયા પાકયા તે રાતે ત્યાં કિનારે ઉંઘ લીધી. ને ભરૂચ જિલ્લાના કપાસના વન-માં ઉતરી પડયા.

૧૭

જવાહર મળ્યા

હિંદમાતા સૌની માતા. હિંદુસ્તાન એ તેનો વહાલો દેશ. હિંદીઓ બધાં હિંદમાતાના બાળકો.

આ બાળકોની એક મોટી સભા છે. બધા તેને મહાસભા કહે છે. તેનો એક પ્રમુખ હોય છે.

આ વેળાનો પ્રમુખ એક જુવાન છે. લડાઈ થવાની હોય તો જુવાન જોઈએ ને?

તેનું નામ પંડિત જવાહરલાલ નેહરુ. મોતીલાલજીનો એ પાટવી કુંવર. ભણેલો ને ગણેલો રાજવી. વૈભવમાં મોટો થયેલો. પણ હવે તો તે ગરીબના જેવો રહે છે. એક પહેરણ ટોપીથી ચલાવી લે.

મહાસભાની એક સભા હતી. તે અંગે જવાહરલાલ ગુજરાતમાં આવેલા. બાપુને મળવું જોઈએ ને? બાપુ લડતના સંચાલક હતા ને? સભા અમદાવાદ મળવાની હતી. અને બાપુ તો કૂચ કરતા મહીમાતાના કાદવ ખુંદતા હતા.

ખેડા જિલ્લાના એક સેવક જોડે જવાહરલાલજી બાપુને ખોળતા રાતના આવી લાગ્યા. રાસ

ગયા, તો કે બાપુ આગળ ગયા. કંકાપુર ગયા, તો બાપુ નદી ઉતરે છે. રાતનો વખત હતો. હવે શું કરવું? નદી પાર કરવી કે પાછા જવું? પાણી ઉતરી ગયાં હતાં ને કાદવનો પટ લંબાયો હતો. અને બીજી સવારે તો અમદાવાદ આવવાનું હતું. સભા હતી. પ્રાંત પ્રાંતના આગેવાન મળવાના હતા.

સાથેના સેવકે કહ્યું, કે "હું તમને ઉંચકી લઉં, ને નદી પાર કરાવું. દેશના રાજાને કાદવમાં ચલાવાય? મોટર નીચે જે ચાલ્યા નથી તેમને આમ મધરાતે જોખમાવાય? ન કરે નારાયણ ને કંઇ થાય તો દેશ બધો ખેડાના લોકને નીચું જોવડાવે. અમારે તો પાતાળમાં પેસવું પડે."

જવાહરલાલજી કહે, "આમ તે કંઇ થાય? માણસ ઘોડા–બળદ થતા હશે? પરમેશ્વરે મને પગ આપ્યા છે. કસરત કરી મેં મજબૂત બનાવ્યા છે. હું તો મારા પગે ચાલીશ. આ તો બે ત્રણ માઇલ કાદવ છે પણ ચૌદ માઇલ હોય તોય શું? રામે જેટલાં વન ખૂંદ્યાં હતાં, તેટલાં તો કયાં ખૂંદવાનાં છે?"

પછી જવાહરે કચ્છ ભીડયો. દેશનો રાજા મોતીલાલજીનો પાટવી કુંવર. પછી કાદવતટમાં ઉતર્યો. ધડકતી છાતીએ ખેડાનો સેવક પણ સાથે થયો.

એક જગાએ તો ઉંડો કાદવ. પગ મૂકતાં તે ઉતરી જાય.

બીજો મૂકવા જતાં પહેલો લપસી જાય. ચાંદો જરા નીચે ઉતરી ગયો હતો. રાતના બે અઢી વાગ્યા હતા. સામે ન હતો દીવો કે ન હતા લોકો. બધે બધું જંપી ગયું હતું. એકલો ભારતનો ભડવીર દેશની આઝાદીને માટે કાદવ ખુંદતો બાપુનાં દર્શને જતો હતો.

જેમ તેમ કરી કિનારે આવ્યા. બાપુ સવારની પ્રાર્થના કરવા ઉઠયા હતા ત્યાં પહોંચી ગયા.

રણમાં લડી લોહી ખરડાયેલો સિપાઇ આવે તેમ કાદવકીચડ ઓળંગતો જવાહીર કાદવ ખરડાયેલ શરીરે બાપુની સામે આવી ઉભો રહ્યો ને સલામી આપી.

હસતા બાપુએ દાંત કાઢયા, અને બરડો થાબડી જવાહરલાલજીનો થાક ઉતારી નાખ્યો.

૧૮

અખાડાનું ધામ

ભરૂચ શહેર જૂનું ને જાણીતું. એક વેળા ત્યાં ચોરાશી બંદરનો વાવટો ઉડે. દેશદેશનાં વહાણો આવે અને લાંગરે. ભાતભાતના લોક આવે. ઘણો વેપાર ચાલે. આજેય તે મોટું છે ને જાણીતું છે.

પણ ભરૂચ તો અખાડાનું ધામ છે. છોટુભાઇ પુરાણી કરીને એક બ્રાહ્મણ છે. ભણેલા છે ને ભણાવનારા છે. વ્યાયામની ગંગા ઉતારનાર એ ભગીરથ છે. લાડવા ખાનારા બ્રાહ્મણ નહિ પણ સામે આવી લડનારા છે. મારકણાની નાડ પારખી તેમણે મીઠાની લડતમાં લોકોને અહિંસક બનાવ્યા.

છોકરાં એમણે દુબળાં જોયાં. બાળકો તેમને બહુ વહાલાં છે, પણ તે તંદુરસ્ત જોઇએ. એ બાળકોને તંદુરસ્ત બનાવી શકે છે. ગાડીમાં એક

પઠાણને ગુજરાતીને મારતો જોયો. તેમને થયું, કે "આ કેમ ચાલે? અમસ્થા કોઇને ન મારીએ, પણ કોઇ મારી જાય તો હાથવતી પંપાળીએ ને ભલા કાં થઇએ? મારનાર સાથે લડવાની તાકાત તો મેળવવી જોઇએને?" પછી તેમણે અખાડો કાઢ્યો. શહેરનાં છોકરાં ભેગાં કર્યાં. દંડ બેઠક શરૂ કરાવી. કુસ્તી લાઠી સાથે શીખી લેવાઇ. રેવાજીનાં પાણી સામે હતાં. તરતાં ને હોડી હંકારતાં સૌ કોઇ થયાં. એક બે પછી ત્રણ ચાર અખાડા થયા. ચંદુભાઇ ડૉકટર કરીને એક ડૉકટર હતા, તેમણે ડૉકટરી ફગાવી ને પુરાણીના સાથી બન્યા. પૈસા ને ઘરબાર બધું આપી દીધું, ને આશ્રમ કરીને રહ્યા.

ગુજરાતમાં પછી અખાડાની વાત ચાલી. પુરાણીની બહાદૂરી જોવાઇ ને વખણાઇ. આજે તો ગુજરાતમાં ઠેર ઠેર અખાડા છે. પુરાણી અખાડાના પિતા છે. અને ભરૂચ તે અખાડાનું ધામ છે. બાપુએ અખાડાવાળાને લડતવાળા કરી લીધા.

૧૯

રેવાજીની હોડી

ભારતની બાર બાર પવિત્ર નદીઓ. ગંગા જમના ઉપર વહે. સિંધુ તો સિંધ–પંજાબમાં થઇ વહે. મહા ગોદાવરી દખણમાં વહે. ગુજરાતને આંગણે રેવાજીનાં પાણી વહે. ગુજરાતનાં મન ચોકખાં કરે અને ભરૂચના પાદરમાં રમતી વહે.

તાપી નદી ઉપર પુલ બંધાય. મહીમાતાની ઉપર પુલ બંધાય, સાબરમતી ઉપર સહેજે બંધાય, પણ રેવાજીના ઉપર પુલ બંધાય નહિ. ટ્રેનગાડી લઇ જવાનો પૂલ સોનાનો થયો. તોય બેળે બેળે ઉભો રાખ્યો છે. આ વિના માણસને જવાનો પૂલ નથી.

બાપુ ગાડીમાં બેસે નહિ અને નદી પાર થવાય નહિ.

પછી બાપુ હોડીમાં બેઠા. લોકો બધા વિદાય દેવા ભેગા થયા. બે ચાર પારસી ભાઇ-

બહેનો તો હોડીથી આઘાં જાય જ નહિ. કિનારે લોકોની ભારે મેદની.

આજે આ બાપુ નીકળ્યા છે. એકસઠ વરસના ડોસા નીકળ્યા છે. એમણે એવી ટેક લીધી છે કે પાછો ફરું તો સ્વરાજ લઇને. ન મળે તો વનવન ભટકું. ખાઉં નહિ. પીઉં નહિ. બોલું તો એક વાત કે સ્વરાજ. વિચારું તો એક વાત કે સ્વરાજ લેવાય કેમ. કામ કરું તો એક કરું કે નિમક કાયદાને કાઢી નંખાઉં.

લોક બધા જોઇ રહ્યા. સઢ ખેંચાયા. હોડીઓ હંકારાઇ. બાપુ આગળ જોતા હતા. દાંડીનો વિચાર કરતા હતા. પાછળ લોક રોતા હતા. બાપુનો વિચાર કરતા હતા.

હોડી ઉપર રાષ્ટ્રીય વાવટો ઉડતો હતો. હોડીની નીચે રેવાજી ગાંધી બાપુના પગ પખાળતાં હતાં. આમ રેવાજીની હોડીમાં બાપુ સામે કિનારે ગયા.

બાપુ આગળ ચાલ્યા. લોક બધું શહેરમાં ગયું.

૨૦

ખાસ ટ્રેનમાં મીલોવાળા

બાપુ દાંડી તરફ જેમજેમ જતા ગયા તેમ તેમ બાપુના મિત્રો બાપુ પાછળ પાછળ ચાલતા ગયા.

કોઇ આવે ને બાપુને મળી જાય.

કોઇ આવે ને બાપુની વાત સાંભળી લે.

કોઇ આવે ને બાપુને ભેટ ધરે.

કોઇ આવે ને બાપુના સૈનિક થઇ જાય.

પણ બાપુને અમદાવાદના મીલવાળાઓ સાથે ભારે દોસ્તી.

મીલવાળા પૈસાના શેઠ. મુડી તેમના બાપની.

ગાંધીજી મજૂરોના બાપુ. મજૂરી તેઓના કસબની.

મુડી વગર મીલ ઉભી થાય નહિ ને મજૂરી વગર મીલ ચલાવાય નહિ.

ગાંધીજી કહે, "મજૂરો એ દેશનાં હાથપગ. ફાવે તેમ ખરચાશે નહિ. તેમને સાબુત રાખવાના છે."

મીલવાળા કહે, "ખરી વાત, તમે કહો તેમ કરીએ."

ગાંધીજી કહે, "હવે દેશમાં લડાઇ ચાલવાની છે. લડાઇ ખાદીથી લડવાની છે. કાંતવાનું, પીંજવાનું અને વણવાનું થાય. સૌ ખાદી જ પહેરે. મીલવાળા પહેલા પહેરે. અને મીલનું કાપડ તો ગરીબ ગુરબાં પહેરે એવા કયાં દેશમાં ઓછા છે?"

મીલવાળા કહે, "હા, અમે એમ કરીશું."

એક ખાસ ટ્રેન કરીને મીલવાળાઓ સુરતમાં બાપુને મળી ગયા.

ખાદીની અને સ્વદેશીની વાતો કરી. મજુરોની વાતો કરી લીધી, કે "મજુરોને સંભાળજો. કોઇ મજુર દારૂ ન પીએ. મજુરને ભણાવજો ને માંદો પડે તો દવા કરજો. કોને ખબર છે કાલે ગાંધી જીવતોય ન હોય! અને યાદ રાખજો તમારું ધન દેશનું ધન છે. લડત ધનના અભાવે મરી ન જાય તે બરાબર જોજો."

મીલોવાળાએ બધી વાત ઉપાડી લીધી. બાપુને વળી કહ્યું, કે "અમે લડતને પડખે રહીશું. સરકારમાં નહિ જઇએ અને દેશી માલ વાપરીશું ને વેચીશું."

મળી ભેટી ટ્રેનમાં મીલોવાળા પાછા આવ્યા. અને બાપુ દાંડી તરફ ચાલ્યા.

૨૧

પાંચ આના

સુરત જિલ્લામાં ભટગામમાં બાપુ હતા. બાપુને જોઈએ બાર નારંગી, તો લોકો એકસોવીશ લઈ આવ્યા. બાપુને જોઈએ શેર દૂધ તો લોકો દશ શેર દૂધ લઈ આવ્યા. ગામડામાં જ્યાં ફળફૂલનું નામ મળે નહિ, ત્યાં ઘણા એવા પૈસા ખરચી મોંઘાંમાં મોઘાં અને સારામાં સારાં ફળફૂલના ઢગલા થવા લાગ્યા.

બાપુએ વિચાર રજુ કર્યો કે "આપણે રોજના સાત પૈસા કમાઇએ તો આટલા બધા પૈસા કેમ ખરચાય? વાઇસરૉય પાંચ હજાર ઘણો પગાર લે તો તેનો વાંક કાઢું તો મારી જાતનો કાં ન કાઢું?"

પછી સૈનિકોને ભેગા કર્યા ને વાત મૂકી.

આજથી હવે રોજના પાંચ આનાથી વધુ કિમ્મતનું ખાવાનું કોઇએ લેવાનું નથી. વધુ ખાય તે ચોરી કરે છે એમ જાણવું. આપણે ગરીબ છીએ, દેશ બધો ગરીબ છે એટલે ગરીબની રીતે જ રહેવાનું. આ યે ખરચ વધારે છે, પણ મુસાફરીમાં છીએ, એટલે જ પાંચ આના કહું છું."

બીજા દિવસથી રોટલો દૂધ અને ખીચડી ભાખરી થવા લાગ્યાં. ફળમાં ખાટું લીંબુ લેવાનું થયું. ડુંગળી ટચકું અને ગોળનું પાણી થાક ઉતારવા લઇ શકાય.

પછી ખાવાનું કેટલું એમ કોઇ પૂછે તો આખા દિવસમાં "પાંચ આનાનું."

૨૨

કોઈ ગુલામ નહિ

એરથાણુથી ભટગામનો રસ્તો કસુરો હતો. રસ્તામાં કાંટા ને ઝાંખરાં. ખાડા ખુબડાનો પાર નહિ.

રાતનો વખત હતો. ગાંધીજીને ત્યાં થઈ લઈ જવાના. એમ કેમ લઈ જવાય.

એમ કર્યું કે બે દુબળા મજુરોને માથે બાજેઠ લઈ પેટ્રોમેક્સ લાઈટ મૂકી આખા રસ્તાએ ચલાવ્યા.

બાપુએ જોયું કે આમ માણસ કંઇ ગુલામ નથી, કે વિકટ રસ્તામાં આ ગરીબ દુબળાનાં શરીરને દુઃખ આપી શકાય? ભલેને પૈસા આપીએ, પણ તેવું કેમ થાય?

વળી બાપુને એક મોટું કારણ મળ્યું. બાપુ તો પવનવેગે ચાલે. દુબળો ભાર લઇને કેમ સાથે ચાલી શકે?

એ તો દોડચો દોડચો જાય, હાંફ્લો હાંફ્લો જાય, પણ બાપુની ચાલે ચલાય જ નહિ. ગામના સ્વયંસેવકોથી રહેવાયું નહિ. તેમણે તો પેલાને ધપ્પા માર્યા અને ગાળ ચોપડાવી.

બાપુથી સાંખ્યું સંખાયું નહિ. રાતાપીળા થઇ ગયા.

સરકારની સામે લડનારા બાપુ પોતીકાં સામે લડવામાં ચૂકે તેવા ન હતા.

ઉતારે આવ્યા. એક ભાઇ બાપુના પગ ચાંપવા ગયા.

બાપુ કહે, "નથી ચંપાવવા."

એક ભાઇ બાપુને તેલ તળાંસવા ગયા.

બાપુ કહે, "પેલા દુબળાના તળાંસીને આવ."

ગામના આગેવાન આવ્યા કે ઉધડા લીધા.

"તમે કેવા છો? મને આ કરતાં તો ખાસડાંની માળા પહેરાવો. કાળી મેશ ચોપડીને પાછો ધકેલો. મારે આ બત્તીઓ શા માટે? મારૂં તે શું રૂપ છે? ગામડામાં આની શી જરૂર? નાની મસાલથી કાં ન ચાલે? પેલા દુબળાને કીટસન લાઇટ ઉપાડતાં અધમુઓ કરી નાખ્યો ને ઉપરથી અપમાન્યો. કોઇ પૈસા લઇ કામ કરે એટલે કંઇ ગુલામ નથી. અને આમ દેશના પૈસા ખરચવાનો તમને કે મને શો હક છે? ગરીબ હોય કે પૈસાદાર, સ્ત્રી હોય કે પુરુષ હોય, નાનું હોય કે મોટું હોય પણ કોઇ કોઇનું ગુલામ નથી."

બધાને ગળે ઉતારવું પડયું કે "કોઇ કોઇનું ગુલામ નથી."

રાનીપરજ. રામરામ

બાપુ સુરત જિલ્લામાંથી જતા હતા.

દાંડી હવે પાસે હતું. ત્યાં એક ટોળું આવ્યું. બાપુએ આમ સામું જોયું. બાપુની પાસે એક જણ થેલી લટકાવીને ઉભા હતા. લાંબી મૂછો રાખતા હતા. બાપુ તેમને પૂછે, "જુગતરામ, આ તારી સેનાને?"

"હા, બાપુ. બધાય બારડોલીના સ્વરાજ આશ્રમના છે. બધાયને કાંતતાં આવડે છે, પીંજતાં આવડે છે, અને આ પહેરેલાં કપડાં છે તે તેઓએ પોતેજ વણેલાં છે."

આ સેના રાનીપરજ જાતની હતી. પહેલાં આ બધાંને લોકો દુબળા કહે. પણ દુબળા હવે દુબળા હોય ત્યારે ને? આ જુગતરામ અને કલ્યાણજીભાઇ ત્યાં તેમની વચ્ચે રહેવા લાગ્યા. એ દુબળા મટી રાનીપરજ થયા. હવે દુબળા કોઇ કહે તો સામા થાય. કોઇ દુબળો હવે દેસાઇને ત્યાં ગુલામ થઇને નથી રહેતો.

સેના બોલી "રામરામ, ગાંધી બાપુનો જયજય." પગે લાગીને સેના બધી ઉભી રહી. બાપુએ નજર ફેરવી લીધી અને પછી કહ્યું, "દોસ્તો, તમે તો હવે ઉજળા થયા છો. તમે બીજે કંઇ ન જતા. તમારા ગામમાં અને તમારા લોકમાં જઇને રહેજો. ગામડામાં સરકારી ભણતર ભણે તે ભલે ગામડું છોડીને જાય! પણ તમે તો ગામડામાંજ રહેજો. કાંતજો, પીંજજો અને વણજો. ખેતી તો તમારીજ છે. તમારી કોમનાં છોકરાંને ભણાવજો અને દારૂ તાડી છોડાવજો."

બધા કહે, "એ તો અમે કરવાનાજ છીએ. પણ અમને લડાઇમાં લઇ જાઓ!"

બાપુ કહે, "હં...., સમજ્યો. જુગતરામ, આમને મીઠાના અગરે લઇ જજો અને મીઠું પણ લુંટવા દેજો."

બસ. જયઘોષ કરતી સેના પાછી વળી. અને બાપુ દાંડી કિનારે આગળ જતાં પહોંચી ગયા.

૨૪
દાંડી

"બોલ દરિયાની રાણી, બોલ દરિયાની રાણી
સ્વરાજ ક્યાં સંતાડ્યું?"

બાપુ દાંડી પહોંચ્યા, ત્યારે છોકરાં આ ગીત ગાતાં હતાં. અને દરિયાની રાણીને બોલાવતાં હતાં અને રાણીની સાથે વાતો કરતાં હતાં કે "હે દરિયાની રાણી, બોલ બોલ, સ્વરાજ ક્યાં છે?"

સ્વરાજ ખોળવા ને લેવા બાપુ દરિયાના કિનારે આવ્યા.

દાંડી હતું દૂર દૂર ને એકલું. રેલ્વે સ્ટેશન તો ત્યાંથી બાર પંદર માઇલ દૂર. દરિયાકિનારે જ એક નાનો બંગલો હતો. ત્યાં બાપુનો ઉતારો હતો. અને સામે દરિયાનો લાંબો લાંબો પટ હતો.

કિનારા ઉપર ચકચક મીઠાની કાંકરીઓ થતી અને સામે દરિયાના મોજામાં સૂરજ ભગવાનનાં કિરણો ચકચક કરી રમતાં.

દાંડી હવે વસ્તીવાળું મથક થયું. દેશના ખૂણે ખૂણેથી લોકનાં ટોળાં ઉતરી આવ્યાં હતા.

તેઓ બાપુનો હુકમ લેવા ને બાપુ મીઠું પકવે, ઉપાડે અને વેચે તેને સાથ દેવા આવ્યા હતા.

દાંડીથી બાપુએ એક ફરમાન કાઢ્યું, કે "તા. ૬ઠ્ઠી એપ્રિલે હું સવારમાં સાડા છ વાગે મીઠાનો કાયદો તોડીશ. પછી સૌ કોઇ મીઠાનો કાયદો તોડે. મીઠું પકવીને તોડે. મીઠું લઇને તોડે. મીઠું વેચીને તોડે. મીઠું ખરીદીને તોડે. પણ તોડે. સામી છાતીએ તોડે. ખુલ્લી આંખે તોડે. સરકાર પકડે તો પકડાઇ જવું. મારે તો માર ખાવો. બરાબર થાય તે ધ્યાન રાખજો. હું કાયદો ન તોડું ત્યાં સુધી કોઇએ કાયદો તોડવાનો નથી."

બધી વાત ગોઠવાઇ ગઇ. પાંચમીની રાતે બાપુએ દરિયા કિનારે પ્રાર્થના કરી.

છેલ્લે છેલ્લું કહી દીધું, કે "જે સરકારથી બીતા હોય તે ચાલી જાય. જેલથી માંડીને ગોળી ખાવા સુધી તૈયાર હોય તે જ કાલે સવારે મારી સાથે આવે. બાકીના પહેલેથી જ ન આવે. ઇશ્વર આપણી પાસે રહો. સતનો જય થાઓ."

૨૫

કુદરતી મીઠાનો પહેલો સ્વાદ

સવારનો પહોર છે. સૂરજ ઉગ્યો છે અને નથી ઉગ્યો. દરિયાનાં પાણી ઉપર માત્ર થોડીક રતાશ પથરાઇ છે. આજે બાપુ દરિયામાં નાહી સુરજ બાપાને પગે લાગી મીઠાનો કાયદો તોડવાના છે. લંગોટી વાળી બાપુએ નાહી લીધું ને પ્રાર્થના કરી.

બાપુને આજે સરકાર પકડશે એમ બધા માનતા પણ પોલીસ દેખાઇ નહિ, છતાં સરકારે મીઠાના બધા કયારા ભાંગી નાખેલા. માટી, કાંકરા, કાંટા અને ઝાંખરાં નાંખેલાં. મીઠું તો સબરસ. તે તો ખાવાનું. સરકારે ધાનમાં ધૂળ ભેળવી.

બાપુ કહે "ભલેને મીઠાને બગાડયું. બધો દરિયો તો નહિ બગાડી શકેને?"

બાપુ જતા હતા. તેમના પગ આગળ જ મીઠાનો થર નીકળ્યો. બાપુએ ચપ દઇને ચપટી મીઠું લઇને પહેલો સ્વાદ લીધો.

૨૬

આગ લગાડી

(૧)

ગાંધીજી કહે, "સળગાવવા નીકળ્યો છું."

"શું?"

"જોજોને, સળગે ત્યારે."

એક બૅરિસ્ટર હતા. સરકારના ખાંધિયા પણ ખરા. તેમનો દિકરો વકીલાતનું ભણતો હતો. બાપા કહે, "બેટા, પરીક્ષામાં બેસીશને?"

બેટા કહે, "ના બાપુ, એ આ વર્ષે નહિ બને. તમે જઈ સરકારને માખણ લગાડો. હું તો લડતમાં જોડાવાનો છું."

(૨)

એક બીજી વાત.

એક લખપતિ છે. ઘરે ધન ચણિયારામાં વટાય છે.

દીકરી કહે, "હું તો બાપુને પગલે જવાની. પુરુષો આમ લડે, તો શું અમે દીકરીઓ જોઇ રહીએ?"

લખપતિ કહે, "પણ આપણે લડતના ફાળામાં મોટી રકમ આપીએ તો?"

"ના રે, એ તો તમે ભલે આપજો. પણ આ લડતમાં તો પૈસા કરતાં પ્રાણ જોઇએ."

(૩)

ગામ પરગામના મુખી મતાદાર ભેગા થયા. મામલતદારને મોટો કાગળ લખ્યો. ધોળા કાગળે કાળા અક્ષર લખ્યા. સાત પેઢીનો નાતો લખ્યો. માન અપમાન લખ્યાં. મનવાણીનાં પારખાં લખ્યાં. કીત્રાં કારવ્યાં પાપ લખ્ય. ભાઇ ભાઇ-બંધનાં વાઢયાં લખ્યાં.

પછી લખી એક સતની વાત. વાત વલ્લભભાઇના નામની.

"એ અમારો સરદાર. અમ ખેડુ લોકનો તારનાર. તે અમારે ઘર મળવા આવે. એ સુખ-દુઃખની વાત લે. તમે એમની જીભ કાપી લો, તમે એમને બેડી પહેરાવો, એ અમારે ન પાલવે. તમારે અમારે એટલું. વંશપરંપરાની અમારી અક્કા. અમારો સરદાર કહેશે તે કરીશું."

દૂર બેઠા રાવણિયા વિચાર કરે, "આ ગામનો બાપો રોષે ભરાયો. તો કહોને કે, અમારાયે અંગુઠા લો. મહિને ત્રણ રૂપિયા મળે ત્યારે પગનાં તળિયાં ઘસીને ચીરાડા પડે, ને હાથે ધારાં પડે."

ગામનો કુંભાર કહે, "સારું થજો આ ગાંધીનું ને વલ્લભભાઇનું. મળે ત્યારે વર્ષે બે પાંચ રૂપીઆ. એક નીમાડો તો સરકારનાં સિપાઇ સકરાંજ ઉપાડી જાય. ઉપર પાણી ભરીએ તે જુદું."

હજામ કહે, "હવે રાવસાહેબના પગ દાબવા મટી ગયા."

ઢેડ કહે, "મખી તલાટી રોજ ટુંકારા કરતા. હવે કંઇથી કરશે? મખી બખીજ નહિ ને! રાવણિયો તો ભલો થયો. થયું, ગયું હવે સરકારનું. હખે ટોપલા ભરશું, ને ખાદી વણીશું."

(૪)

જે ગામમાં વલ્લભભાઇની જીભ કાપી લીધેલી, તે ગામનું નામ રાસ. એ ગામ કંઇ હાથ જોડી બેસી રહે?

ગામ મામલતદારને કહે, "તમે અમારા દોસ્ત નહિ. અમારા મહેમાનની જીભજ ન વાપરવા દો, તો તમે અમારા શાના? આપણે હવે દીવાદેવતા બંધ. તમે ગામમાં આવશો તો તમારી સામે કૂતરું યે નહિ ભસે.

તલાટી, હવે તમારું પાણી નહિ લઇએ. તમે તલાટી સાહેબ મટી ભાઇ થાઓ તો દૂધે નવડાવીએ."

પછી તો ચપચપ જુવાન બધા દોડ્યા. સૈનિક થઇ ગયા.

૨૭

બાપાલાલનાં મા

નાપા ગામ હતું. પાસે ગોરવા ગામડું. આ ગામડામાં એકસો ને પાંચ વરસનાં એક ડોશીમા હતાં. ગાંધીજીનું તેમણે નામ સાંભળેલું.

રસ્તે એક જણ તેમને કહે, "ડોશીમા, સાંભળ્યું કે તમારા બાપાલાલે તો લડતમાં નામ નોંધાવ્યું! હવે થશે સૈનિક અને જશે ગાંધીજીની પાછળ જેલમાં."

ડોશીમા તો કહે, "ઓહો એમાં શું? ઠીક થયું. જેલમાં તો માણસો જ જાય છે. બાપાલાલ ભલે જાય. ખાટલે મરે તે મરદ શાનો?"

બાપાલાલને વગર રજાએ રજા મળી.

કેટલાક સૈનિક કહે, "આવાં માડી મળ્યાં તે બાપાલાલનાં ધનભાગ્ય."

લોક કહે, "આ જોરે તો ડોશીમાએ એકસો પાંચ શિયાળા ખાધા. એકસો પાંચ ઊનાળાના તાપ ખમ્યા, અને એકસો પાંચ ચોમાસાની ઝડીઓ ઝીલી. આવાં ડોશીમાને મોત આવે અને દીકરો જેલમાં હોય, તો જમનેય કાનપટ્ટી પકડાવી ઉઠબેશ કરાવે."

ઇશ્વરલાલ

સત્યાગ્રહની રણહાક પડી.

શાન્તિભાઇ કહે, 'એલા આપણે આ સત્યાગ્રહમાં જાવું પડશે.''

ઇશ્વર કહે, 'મારૂં નામ લખો પહેલું.'

'પણ તમારા બાપાને તો પૂછો, કે બસ મારૂં નામ લખો પહેલું.'

'એમાં પૂછવું છે શું? કે'શું કે જાવું છે લડવા.'

ને સાચ્ચેજ ઇશ્વરભાઇએ ઘરે જઇને સંભળાવી દીધું. બાપા ખીજાઇ પડયા. બા રોવા લાગી. પાડોશી કહે, 'આ છોકરો ભારે વસમો છે.'

સાતઆઠ દિ કેડે સિપાઇઓ ઉપડયા. બાબાપાની સેવા નાના ભાઇબહેનોને ભળાવી દીધી ને ઇશ્વરલાલ ચાલ્યા.

બાએ આંખમાં આંસુ સાથે ચાંદલો કરી દુઃખડાં લીધાં ને બહેને શ્રીફળ આપી સૂતરનો હાર પહેરાવ્યો.

બાપા સ્ટેશને વળાવા ગયા.

ઇશ્વરલાલ લડવા ગયા.

મીઠાની લડત લડાય છે. ઇશ્વરલાલ વઢવાણથી પોટલી ભરી મીઠું લઇને વીરમગામ રોજ જાય છે. પોલીસને હાથે ખૂબ રગદોળાય છે ને મીઠું મૂકી દેવું પડે છે. ઇશ્વરલાલ હસતા હસતા વઢવાણ પાછા આવે છે ને પાછા વીરમગામ જાય છે. ક્રમ ચાલુ છે.

ઇશ્વરલાલ લખે છે: 'વિનય મંદિરનાં બાળકોને કહેજો ઇશ્વર ભૂખ્યો નથી, ઇશ્વર તરસ્યો નથી, ઇશ્વર આંબાની ડાળ, ઇશ્વર સરોવરની પાળ, ઇશ્વર લહેરૂં કરે.'

ગિરીશ ભટ્ટ

સરઘસ

અરે રતુ, આ પેલો દૂર દૂર વાવટો દેખાયો. સરઘસ આવતું લાગે છે, સરઘસ.

ચાલો ત્યારે જોડાવાને તૈયાર થઈએ.

પણ આજે સરઘસ શેનું છે?

તને એટલીયે ખબર નથી? ગામના કાળા પાટિયા ઉપર ગઈ કાલે જ જાહેર થઈ ગયું છે. શારદાગૌરીએ અખંડ રેંટિયો બેસાડ્યો હતો. એનું સરઘસ છે.

હા, હા, ખરી વાત છે.

પણ અલ્યા, સરઘસ તો બહુ લાંબું લાગે છે, હનુમાનના પૂંછડા જેવું.

આજે ઘણા માણસો જોડાયા લાગે છે.

હા, આજની વાનરસેના પણ જબરી લાગે છે. અને આજે જુવાનો તો સેંકડો બહાર આવ્યા છે. વળી બહેનો તો ક્યાંય માતી નથી.

એ તો શારદાગૌરીને લીધે. બહેનો તરફથી સરઘસ છે ના.

એ બરાબર. પણ આ પેલાં ગાડાં શેનાં છે?

એમાં રેંટિયો છે ને શારદાગૌરી એમાં બેઠાં છે.

ઓત્તારીની! રેંટિયાજી ગાડામાં બેઠા છે ને!

ત્યારે રેંટિયો કાંઇ થોડો ચાલે છે? આપણે માણસો ચાલીએ.

અરે ભાઇ, આ અખંડ રેંટિયો ચાલ્યો. એમાં આપણે ચાલવા આવ્યા છીએ ના? રેંટિયો પોતે ફરે ને આખા ગામને ફેરવે!

ફેરવે જ તો! ગાંધી બાપુનું ચક્કર છે. જેવું ભગવાન શ્રીકૃષ્ણનું સુદર્શનચક્ર એવું એમનું એ રેંટિયાચક્ર.

હથિયાર વિનાની લડાઇનું આ ભારે શસ્ત્ર છે.

જબ્બર. એમાં શંકા જ નથી.

એ આ તો આવ્યું આપણી પાસે.

ચાલો ત્યારે આપણેય સામીલ થઇએ.

ચાલો ત્યારે:

ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજે રે,
જાગજે રે, કાયર ભાગજે રે
ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજે રે.

ગિજુભાઇ

૩૦

વીરમગામના સ્ટેશને

વીરમગામને સ્ટેશને ત્રણ ચાર અમલદારો ટ્રેનની રાહ જોઈને ઉભા હતા. ગોરો અમલદાર હેરલ્ડ હાથમાં સોટી લઈને ઉભો હતો. જકાત-ખાતાનો ખ્રિસ્તી અમલદાર કાતર ને ચપ્પુ લઈને ઉભો હતો. આસિસ્ટન્ટ કલેકટર ગોલપ ખીસામાં હાથ નાખીને ઉભો હતો. પચાસેક પોલીસો લાઠી ને બંદુક ઝાલીને પૂતળાંની જેમ ઉભા હતા.

ટ્રેન આવી. પોલીસોએ પોષાક ખેંચીને સરખો કર્યો. ટટાર ઉભા રહ્યા. જુદાજુદા ડબા-માંથી ત્રણત્રણ ચારચાર સૈનિકો ટપોટપ ઉતરી પડ્યા.

અમલદારોએ ઉતારૂને જવાનો દાદરો રોકયો. ફોજદાર, જમાદાર, નાયક ને એવા બે ત્રણ

જણુ ઉમેરાયા. પોલીસોની કતાર લાગી. ઉતારુને જવા દીધા, સૈનિકોને રોકયા. અત્યાર સુધી તો એક એક ઉપર પાંચ, સાત, દસ પોલીસો તૂટી પડતા. કોઇનું ગળું દબાવતા. કોઇને નખ બેસાડતા. હાથ પગ દબાવતા. બબ્બે જણુ હાથ પકડી રાખે. બે જણુ પગ પકડી રાખે. એક જણુ ડોકી દબાવે ને પછી એક જણુ મીઠાની કોથળી ખૂંચાવી લે. એક જણુ પાસેથી મીઠાની થેલી ખૂંચાવતાં દસ મિનિટ યુદ્ધ કરવું પડતું. પોલીસો હાંફી જતા ને પરસેવાનાં ટીપાં પડી જતાં. કયારેક કાઇટ પોતાનાં ચપ્પુ છરી વાપરી મીઠું વેરી નાખતો.

એક નાનકડો સૈનિક જોયો. હેરલ્ડ આનંદી માણસ છે. સૈનિકને કહ્યું, "લાવો મિસ્ટર, ના-હક તસ્દીમાં શું કામ ઉતરવું? તમે તો હજી બહુ નાના છો."

"નાજી. તો પછી આવું જ શા માટે? મારા બાપાએ મીઠું આપવાની ના પાડી છે."

પણુ આજનો રંગ જૂદો હતો! સૈનિકોએ આજ નવી રચના કરી. એકબીજાએ આંકડા ભીડયા. હાથમાં હાથ ભરાવી મજબુત કિલ્લો

બાંધ્યો. જાણે આંકડાવાળી સાંકળ બનાવી. બગલમાં મીઠાની કોથળીઓ દાબી રાખી.

અમલદારો આજ વિચારમાં પડી ગયા. હવે શું કરવું? સૈનિકો ફરતા ફરી વળ્યા. સૈનિકોનો કિલ્લો તોડયા વિના સાતેક અમલદારો ઉભા. પરંતુ પોલીસ ને ત્રણ ચાર મફતિયા બધા કિલ્લા ફરતા વીંટળાઇ પડયા. કાઇટે હુકમ છોડયો 'ચલાવો'. સહુ તૂટી પડયા. હતું તેટલું બળ વાપર્યું. હાથ ને મોઢાં રાતાંચોળ થઇ ગયાં. હાથ મરડયા. કેડે બાથ ભરીને તાણ્યા. આખો કિલ્લો ઘડીક આમ જાય ને ઘડીક તેમ જાય. જાણે વાઘ બકરીની રમત મંડાઇ ગઇ. અમલદારો હાંફી ગયા. પરસેવાના રેલા ઉતર્યા. આટલી મહેનત બિચારાએ કોઇ દિવસ નહિ કરી હોય. અર્ધી કલાકે ગઢ તૂટયો. આજે એમનું ખાધું સોંસરૂં નીકળી ગયું.

કિલ્લો તૂટયા પછી એકએકનો વારો આવ્યો. એક સૈનિકની થેલી ઝૂંટવવા ફોજદાર સાહેબ બહુ બળ કરવા ગયા. હાથમાંથી થેલીનો છેડો વછૂટી ગયો ને ફોજદાર સાહેબ જમીન ઉપર

પટકાઈ પડ્યા. બોખલું તો પડી ગયું, પણ પાછા ઉભા થયા.

આજે સૌને સારો પરસેવો ઉતર્યો. દરેક જણ સાથે ઝપાઝપી કરી, ત્યાં અમલદારો થાકીને લોથ થઇ ગયા. બીજાને જવા દીધા.

એક સૈનિકે થેલી બરાબર પકડેલી. બાર જણ એને વળગ્યા. હાથ પગ દબાવ્યા. ત્રણ જણ છાતી ઉપર ચડી બેઠા. એકે ગળું દબાવ્યું. સૌ ઉપર પડ્યા. સૈનિક ક્યાંયથી દેખાતો નથી. પવન જવાનો માર્ગ નથી. સૈનિકની સાથળની રગ દબાવી. સૈનિક બેભાન થઇ ગયો. કોથળી ઝૂંટવી લીધી. સૈનિકના મોઢામાંથી ને નાકમાંથી પાણી નીકળી પડ્યાં. એને કશું ભાન ન હતું. એક ભાઇએ એને ખાંધે ચઢાવી લીધો. દાદરે સુવાડ્યો. પવન નાખ્યો. બરફ ઘસ્યો. પાલખીમાં નાખી દવાખાને લઇ ગયા. બે કલાકે શુદ્ધ આવી. ત્રણ દિવસે સૈનિક હરતો ફરતો થયો.

હેમુભાઇ

૩૧

બે બાળકો મીઠું લેવા ગયાં

ડાકોર મોટું ગામ છે. રણછોડજીનું ધામ છે. સત્યાગ્રહ છાવણીનું સ્થાન છે.

પાંચમી એપ્રીલની વાત છે. સવારના પહોરમાં મોટું સરઘસ નીકળ્યું. સૈનિકો મીઠું લેવા લસુંદ્રા જવાના હતા. ગામ બધું વિદાય આપવા ઉલટયું. શું સ્ત્રી ને શું પુરૂષ, શું બાળક ને શું વૃદ્ધ. એમાં બે ભાઇ. મોટો આઠ વરસનો. નાનો છ વરસનો. ભાગોળેથી સૈનિકો લસુંદ્રે ચાલ્યા. લોકો પાછા ફર્યા. કોઇને મોંએ મીઠાની વાત ને કોઇને મોંએ જેલની વાત. કોઇ સરકારના અન્યાયની વાતો કરે, તો કોઇ સૈનિકોની અહિંસા ને શાંતિની વાતો કરે.

પેલા બે ભાઈઓને આ વાતોમાં રસ ન પડે. એમને તો સૈનિકો સાથે લસુંદ્રા જવું હતું ને મીઠાની થેલી ભરી લાવવી હતી. બાબાપાની પાછળ ઘેર ગયા. જેમ તેમ સુખદુઃખે એ દિવસ તો કાઢયો.

બીજે દિવસ સવારમાં બે ભાઈઓ ફળિયામાં રમવા ગયા. બાબાપા સૌ કામમાં હતાં.

દસ વાગ્યા ને જમવાનો વખત થયો. એટલે જઇ બાપાએ છોકરાંને હાક પાડી. જવાબ ન મળે.

બાપા જમીને દુકાને ગયા. બા ઢાંકીને બહાર નીકળી. છોકરાંને ખોળવા નીકળી. ફળિયામાં ફરી ને પોળમાં ફરી. બહાર ચકલામાંયે જોઇ વળી. દસના બાર વાગવા આવ્યા, પણ છોકરાં નહિ.

દુકાનેથી બાપાયે નીકળ્યા. ગોમતીના ઘાટ જોયા. રણછોડજીનો બાગ જોયો. નિશાળની કસરતશાળા જોઇ. ગામનો અખાડો જોયો. પણ છોકરાંનો પત્તો નહિ.

કાકા ને કાકી, મામા ને મામી, સગાંસંબંધી બધાં નીકળ્યાં, પણ છોકરાં કંઇ જડયાં નહિ.

જોતજોતામાં સાંજ પડી. ત્યાં છાવણીમાં ખબર આવી. 'ડાકોરથી બે નાનાં છોકરાં લસુંદ્રા આવ્યાં છે. બપોરનો તાપ વેઠી, ચણા ને મમરા ફાકી, પરબનાં પાણી પી મીઠું લેવા આવ્યાં છે. એમને છાવણીમાં રાખ્યાં છે.'

બાબાપાને ખબર પડી. બાબાપા લસુંદ્રા ગયાં. છોકરાં બાને બાઝી પડયાં ને બધી વાત કહેવા લાગ્યાં.

બાના હરખનો પાર ન હતો. બાપા પણ ખુશ થઇ ગયા. છોકરાંને છાતી સરસાં ચાંપ્યાં ને ચુંબન કર્યાં.

રાતે બધાં ઘેર આવ્યાં. ગામમાં છોકરાંની વાત ચાલી. કેવાં બહાદુર છોકરાં! શી એમની હિંમત! શી એમની લાગણી!

હજીયે રસ્તે નીકળે છે ત્યારે લોકો એમને જોઇને 'શાબાશ શાબાશ' કહે છે.

અંબાલાલ દવે

૩૨

પગ રસ્તે

સાબલી સ્ટેશને પચાસ સૈનિકો ઉભા હતા. ગાડી સડસડાટ આવી પહોંચી. ચાલતી ગાડીએ ધબોધબ કોથળીઓ પડવા માંડી. સૌએ એક એક કોથળી ઉપાડી લીધી ને ગાડીમાં ચડી બેઠા.

મીઠાની કોથળીનું સૌ રક્ષણ કરે છે. બે હાથમાં પકડી પેટ વચ્ચે ભીંસી રાખી છે, જાણે વાંદરીએ એનું બચ્ચું પકડયું!

વણી સ્ટેશન આવ્યું. બન્ને બાજુ પચ્ચીસ પચ્ચીસ પોલિસ ઉભા છે. થોડાના હાથમાં બંદુક છે. થોડાના હાથમાં લાકડી છે. જમાદારની કેડે કિરપાણ ને તમંચો છે.

જેમ જંગલમાં ઉંદર ડોકિયાં કરે તેમ ડબે ડબે સૈનિકો ડોકિયાં કરવા લાગ્યા. નાયકનો હુ-કમ મળ્યો કે બધા ઘોડાની જેમ છૂટયા. સામે પોલીસની હાર આડી હતી, ભારખાનાના ડબાની વાડ હતી, પત્થરના થર ખડકયા હતા. સૌ કૂધા. પત્થર ઠેકયા. આડા અવળા દોડયા. બેપાંચ આમ ને બેપાંચ તેમ. પાછળ પોલીસ ને ઘોડે-સ્વાર છૂટયા. પોલિસ આડો ફરે પણ એનાથી હાથ અડાડાય નહિ. મીઠું ઝૂંટવાય નહિ. આડા ઉભા રહે તો બીજે રસ્તે ચાલે. એક પાછળ જાય ત્યાં બીજા જૂદે રસ્તે થઇને ભાગે.

એક માઇલ સુધી પોલિસ આવ્યા. પોલીસ બિચારા થાકયા. એને પાંચશેર બંદુકનો ભાર ને પાંચશેર એના લુગડાનો ભાર! બિચારા દોડે કેટલુંક! થાકી ગયા. છેવટે પાછા વળ્યા. ઘોડે-સ્વાર ખીજાયો. લાલ આંખ કરી. તલવાર કાઢી ડર બતાવ્યો. સૈનિકની પાછળ ઘોડો દોડાવ્યો.

સૌ જૂદાજૂદા વેરાઇ ગયા. ખેતરમાં જાણે સફેદ ટપકાં દોડવા માંડયાં. હરણની જેમ સૌ કૂદતા હતા. ઘામ ધખતો હતો. માંથું ફાટી જાય

તેવો તડકો હતો. મોઢું દઝાડે તેવી લૂ વાતી હતી. પરસેવો નીતરતો હતો. લુગડાં ભીંજાઇ ગયાં હતાં. આડા અવળા ખેતરો સૌ ખૂંદતા હતા. ખાડા ટેકરા ટપતા હતા. રસ્તા જેવું નામ નિશાન ન હતું. ખેતરની સાંઠીઓ ને કાંટા વાગી વાગીને પગે ઉઝરડા પડચા હતા. સૌનાં મોઢાં લાલચોળ થઇ ગયાં હતાં. બસ એકજ નજર હતી કે વીરમગામ પહોંચવું.

સૈનિકોમાં ઘણા પૈસાદારના દીકરા હતા, અમલદારના દીકરાઓ હતા. કદી તડકે શા માટે નીકળ્યા હોય? ખેતરમાં શા માટે દોડયા હોય? દિવસમાં પચાસ પાન ખાનાર ને દસવાર ચા પીનારા હતા, પણ દેશની ખાતર બધું છોડયું હતું. બધું સહન કરવા તૈયાર થયા હતા.

એંશી સૈનિકોમાંથી માત્ર બે જણ પકડાઇ ગયા. છ સાત પોલીસોએ થઇને એના હાથ પગ પકડી, છાતી ઉપર ચડી, સાથળની રગ દબાવી, મીઠાની થેલીઓ ઝૂંટવી લીધી. બાકીના સૌ વીરમગામ સહીસલામત પહોંચી ગયા.

અગાડી ચલે રામરાજા
પીછાડી સંતનકી ફોજાં.

આમ પછી લડાઇ ચાલતી હતી. સાબરમતીના સંત યુદ્ધનો ધજાગરો ઉડાડતા ફરતા હતા. આશ્રમમાંથી નીકળ્યા તે વેળા તેમની સાથે માત્ર એંશીજ સૈનિકો હતા. આ સૈનિકોના સેનાપતિ બાપુ મોખરે હતા. તેમને સૌ રામરાજા કહેવા લાગ્યા. આ રામ આગળ હતા ને પાછળ સત્યને માટે મરવા તૈયાર તેવા વીર યોદ્ધાઓ હતા. સૌ ચાલતા હતા ને પાછળ લોકો બોલતા હતા કે,

અગાડી ચાલે રામરાજા
પીછાડી સંતનકી ફોજાં.

(૧)

પછી રાષ્ટ્રપતિ જવાહરલાલ યુદ્ધમાં જોડાયા. પંડિત માલવીયાજીયે જોડાયા, વીર નરિમાન ને મુનશી વકીલ પણ જોડાયા. અરે આઠ બાળ-

કોની વહાલી માતા સરલાદેવી પણુ આ ઘડીએ ઘર ભૂલી જોડાઇ ગયાં.

અને બીજી તરફ ખેડામાં સૈનિકો નોંધાયા. ભરૂચમાં નોંધાયા. સુરતમાં તો બારડોલી તાલુકો. લડતમાં પૂરો શૂરો, કંઇ બાકી રહે! ખુદ ગુજ-રાતમાં જ બાપુના હજારો થયા. ગામડે ગામડે બાપુનો સૈનિક હોય. કુટુંબે કુટુંબે બાપુનો સૈનિક હોય. કોઇના બાપા સૈનિક હોય તો કોઇના કાકા હોય. કોઇના ભાઇ તો કોઇના મામા. કોઇ દુકાન છોડી આવ્યા, કોઇ ભણુવાનું છોડી આવ્યા, કોઇએ દવાખાનું છોડયું તો કોઇએ વકિલાત છોડી, કોઇએ નોકરી છોડી તો કોઇએ ચાકરી છોડી. સૌ કહે, "અમે તો દેશના સિપાઇ, અમે તો સાચના સિપાઇ." સૌ ભેગા મળી નિશ્ચય કરે અને ગાય: "શિર જાવે તો જાવે પર આઝાદી ઘર આવે." "મેદાન ન હોગા ખાલી જબતક ન હો ખુશાલી."

(૨)

આવી મોટી લડાઇ જાગી. ઘરમાં ઘરમાં સગળવા લાગ્યું. માનવ હૈયે હૈયું સળગવા લાગ્યું. હિન્દુસ્તાનનો ખૂણેખૂણે સળગવા લાગ્યો.

આવા મોટા અહિંસક લશ્કરને રહેવાખાવા તો જોઈએને? કોઈ સૈનિકને ઘેર બોલાવીને જમાડે. કોઈ સૈનિકની છાવણીમાં દાળરોટલા મોકલે કે ભાતખીચડી મોકલે. કોઈ સૈનિકને ચણા આપી જાય. મગફળીના બીયા આપી જાય. કાછીઓ હોય તે ડુંગળીનું ડચકું આપે. હજામ હજામત કરી જાય.

અને પૈસાવાળા પૈસા આપે. તેમાંથી પત્રિકા કઢાય, ટપાલ લખાય, આગેવાનના વાહનમાં ખરચાય.

આમ ગરીબ પૈસો આપે કે સૈનિકને પાણી યે છેવટે પાય. વાણીયો પાંચદશ આપે તો મોટરવાળો હજાર આપે. પણ અલાહાબાદના રાજા કહેવાતા પંડિત મોતીલાલજી તો સૌથી વટી ગયા. આવું મોટું યુદ્ધ ચાલતું હોય, તો તેને માટે મોટી જબરજસ્ત ઑફિસ જોઈએને? મોતીલાલજી કહે આ મારો 'આનંદભવન' નામનો મહેલ છે. ભલે ને તે આઠદશ લાખનો હોય. જવાહરને જોઈશે તો બીજો વસાવશે. આ મહેલ તો જગજૂનો છે. હિન્દનાં નસીબ અહીં બેસીને ઘડાયાં છે. આ વેળા પણ તે મહેલમાં દેશના

યુદ્ધની કચેરી રાખજો. અને યુદ્ધમાં માથું આપેલું જેમ પાછું ન લેવાય તેમ આ મહેલ પણ મારે પાછો નહિ જોઈએ.”

દેશ બધો કહે ‘ખૂબ કરી.’ લોક બધા કહે “ભારે ભોગ આપ્યો.” કોઈકોઈનું અંતર કહે, હાં, આગળ રામ જેવા પવિત્ર ગાંધીજી છેને! એટલે બધું તેને સાંપડશે. સૌ ઉત્સાહમાં આવી ગાવા લાગ્યા:

અગાડી ચલે રામરાજા
પીછાડી સંતનકી ફોજાં.

(૩)

ગામના મુખીમતાદાર ને રાવણીયાએ પોતાનું સરકારી ટપણું છોડી દીધું હતું જ. ગામે ગામ સરકારનો કોઈ માણુસ જ ન મળે. તલાટી હોય તે બિચારો શું કરે? તાલુકાની કચેરીએ કોઈ કાગળ લઈને જનાર જ ન હોયને? કોઈ ચોરે બેસવાયે ન આવે ત્યાં ભૂત જેવો એકલો બેસી બેસીને ય શું કરે? ‘એકલી તળાવડીમાં એકલો ઢેડ,’ જેવો તે થઈ રહ્યો.

પણ પછી તો પેશાવરમાં એક બનાવ બન્યો.

સરઘસ જતું હતું. એક ડોશી ને ત્રણચાર બાળક હતાં. પોલીસ કહે, "જતાં રહો અહીંથી નહિ તો ગોળી છૂટશે."

ડોશી કહે, "ભલે છોડને. સામી છાતીએ ઉભી રહી છું."

લશ્કરના વડાએ પોલીસને હુકમ કર્યો, કે ગોળી છોડો!

પણ પોલીસ હિંદી હતા. ડોશીમાના સગા ભાઇદીકરા જ કહોને! તેમનાથી આ હથિયાર વગરની ડોશી ઉપર ગોળી છોડાય? પેલા નાના નાના બચુકડા બાળકો પણ ન વીંધાઇ જાય?

પોલીસ કહે, "અમે ગોળી નહિ છોડીએ."

લશ્કરનો વડો કહે, "કરો આ ટુકડીને કેદ. સાત વરસ સુધી જેલમાં પૂરી રાખજો."

પોલીસ ટુકડી કહે, "ભલે તેમ કરો. પણ અમારાથી અમારાં ભાઇભાંડુને નહિ મરાય."

× × ×

રઢિયાળી રેજીમેન્ટ હતી. તેને પણ બીજે તેવો જ હુકમ થયેલો. આખી રેજીમેન્ટ કહે તોપે ચઢાવો કે બંદુકે ચઢાવો પણ અમારાથી નહિ

મરાય. તેની પણ સરકારે લશ્કરી કાયદાથી તેજ દશા કરી.

× × ×

કેટલાયે છૂટાછવાયા પોલીસોએ નોકરી છોડી દીધી. આણંદ કચેરીના બે કારકુનો ધોળી ટોપી પહેરતા. લડાઇ ચાલી એટલે નહિ પણ નોકરીમાં દાખલ થયા ત્યારથી પહેરતા. સરકારને કેમ ગમે? તેમને પણ રાજીનામું આપી દેવું પડયું.

× × ×

મેજીસ્ટ્રેટ દુર્લભજીની ભારે હાક હતી. બબ્બે વરસની સખ્ત સજા તે ખેડા જિલ્લામાં કરતા. ચાલીસેક જેટલા કેસ ચલાવ્યા ને તેમનામાં રામ જાગ્યા. મેજીસ્ટ્રેટ મટી ગયા અને લડતના આગેવાન થયા. મોરારજી પણ તેવા બાવા થયા. આમ સરકારી છાવણીમાં જ આગ સળગી ઉઠી.

લોક બધા કહે રામ જેવા ગાંધી બાપુ જ્યાં લડાઇને મોખરે હોય ત્યાં પછી સૌમાં રામજ વસેને. બધા ટોળે મળી મોટે સાદે ગાવા લાગ્યા:

અગાડી ચલે રામરાજા
પીછાડી સંતનકી ફોજાં.

૩૪

નીમકકા કાયદા તોડ દીયા

મીઠાના કાયદાની કલમો આવી આવી હતી.

૧. કોઇ મીઠું પકવી ન શકે.

૨. કોઇ બીનજકાતી મીઠું વેચી કે રાખી શકે નહિ.

૩. કોઇ તેને એક જગાએથી બીજે લઇ જઇ શકે નહિ.

૪. મીઠું બનાવવાનાં સાધનો પણ ન રાખી શકાય.

ગાંધીજી તો કહેતા હતા કે પાણીના પૈસા પડે નહિ, હોય નહિ. હવા જેમ ગમે તે લઇ શકે છે તેમ પાણી પણ સૌ કોઇ વિના કિંમતે લઇ શકે. કુદરતના કાયદાની સામે ગમે તેવી સરકાર પણ ન થઇ શકે.

ગાંધીજીએ તો છઠ્ઠી એપ્રિલે નીમકનો કાયદો તોડયો. ત્યાં તો બધે તોડાવા લાગ્યો.

ભરૂચમાં પાંચ છ મીઠાનાં મથકો બન્યાં. ખેડામાં બે થયાં. ધોલેરા અમદાવાદમાં મીઠાનું મથક થયું. સુરતમાં તો બાપુ પોતે હતા. ઠેર ઠેર દરિયો હતો. ખારાં પાણી હતાં. મીઠાની મોટી મોટી વખારો પણ હતી. બધે મીઠાનાં મથકોએ મીઠું પકવાયું, લેવાયું અને વેચાયું. એક જગાએ તો ગાડું ભરીને લેવાયું.

પછી વેચાયું. એક પડીકાના અમદાવાદમાં સાત હજાર ઉપજ્યા. કોઇએ હજાર તો કોઇએ એકસોને એક.

સબરસની કંઇ કિંમત હોય? તેમ ય વળી આ તો સ્વરાજ સબરસ. જેને જે આપવું હોય તે આપે ને સબરસનો સ્વાદ લે. પૈસા ન

હતા તેવા લોકોએ મુઠી દાણા આપીને પણ સબરસ લીધું. એક અઠવાડિયામાં આખાયે દેશમાં બીન જકાતી મીઠું ફરી વળ્યું.

સરકારે કેટલાયને પકડયા. જેલમાં મોકલ્યા. તોય મીઠાનો જંગ ચાલુજ રહ્યો.

તેમાંય મુંબાઇએ હદ કરી. લાખ લાખ માણસ દરિયા કિનારે જાય. ઘડા ભરી ભરી પાણી લાવે ને છડેચોક મીઠું બનાવાય. પોલીસ બાપડી શું કરે? એક હોય તો પકડે. પાંચ દશને પકડે. લાખને કેવી રીતે પકડે? તેની જેલમાં જગાજ ન મળે. વળી લઇ જઇને ખવડાવે પણ શું? અરે ખૂદ કેટલાયે સરકારના અમલદારોએ પણ સ્વરાજ સબરસનો સ્વાદ ચાખ્યો. કેટલાકે તો વ્રત લીધું કે બીન જકાતી મીઠુંજ ખાવું.

ભલે સરકાર મીઠાના કાયદાનો થોથો સાચવી રાખે પણ પ્રજાના મનમાં એમજ થયું કે,

"નીમકકા કાયદા તોડ દીયા."

૩૫

ચલો ધરાસણા

બાપુ તો પછી સુરત જિલ્લામાં ભમતા હતા. જ્યાં જ્યાં જતા ત્યાં લોકોનાં ટોળાં થાય. ઢગલા બંધ મીઠું લૂટી લાવે.

પણ બાપુએ જાણ્યું કે વીરમગામમાં માર પડ્યા, માથાં લોહીથી રંગાયાં અને નફ્ટ બની પોલીસે મીઠું નહિ છોડતા સૈનિકોની કોમળ

જગ્યાએ પણ દુઃખ આપ્યું. એનો ઉપર ઘોડા ચલાવ્યા. બાપુ ચિંચાનીચા થઇ ગયા. તેમણે હજુ મીઠાની સરકારી વખાર ઉપર ધાડ પાડવાનો વિચાર નહતો કર્યો. પણ પોલીસ જુલમો વધ્યા તેમ તેમ લડાઇના રંગમાં ફેરફાર થવા લાગ્યા.

બાપુએ પછી નક્કી કર્યું કે ધરાસણા મીઠાની સરકારી વખાર છે. ત્યાં જઇને મીઠું લૂંટી લાવું.

ભલે સરકાર ત્યાં લાઠી ચલાવે કે ગોળીઓ છોડે. કેદ તો તે કરતી નથી, તો હવે મીઠું લૂટતાં ગોળી ખાઇશ. ગોળી ખાનારા ભેગા હતા જ. દિવસ નક્કી થતો હતો. બાપુએ વળી વૉઇસરૉયને બીજો કાગળ લખવાની તૈયારી કરી. સોલાપુરની વાત પણ તેમાં લખી. અમલદારોની નાદાની પણ લખી. કાગળ તૈયાર થતો હતો. બાપુએ પછી હાક કરી:

—ચલો ધરાસણા—

૩૬

બહેનો રણચંડી બની

એક દિવસ બાપુની છાવણીમાં તેમની આગળ બેનો આવી. ઠેઠ અમદાવાદથી ને મુંબઇથી. બાપુને કહે, "ગાંધીજી, અમે આ લડતમાં શું કરીએ?"

બાપુ કહે, "તમારે માટે મને વિચાર આવ્યા જ કરતો હતો. પેલી મૃદુલા તો મારો જીવ ખાઇ ગઇ હતી. ને તેને આ સેનામાં

દાખલ થવું હતું. પણ હવે તમને કાર્યક્રમ આપી શકું તેમ છું. એક તો તમે ૬૦ કરોડ રૂપીઆનું પરદેશી કાપડ હિંદમાં આવે છે તેને અટકાવો. વેપારીઓ તેનો વેપાર બંધ કરે, પરદેશી માલ હોય તેને સીલ કરે ને લોક ખરીદ કરે નહિ તે માટે સખત ચોકી પહેરો રાખો. બીજું લોકો દારૂતાડીના ઝેરી પીણામાંથી બચી જાય તેમ કરો.''

બહેનોએ પછી એ વાત ઝીલી લીધી. ઠેરઠેર બહેનોની છાવણીઓ નંખાઈ. દારૂના પીઠા ઉપર ચોકી બેઠી. પરદેશી કાપડની દુકાન ઉપર પહેરો ગોઠવાયો. પગે લાગી વીનવી વીનવીને સ્વદેશની વાત ગળે ઉતારવા માંડી. દારૂતાડીનો ઉપયોગ ઓછો થતો ગયો. ખુદ બાપુ હતા, ત્યાં તો તાડનાં ઝાડ ને ઝાડ કપાવા લાગ્યાં. થોડાક દિવસમાં જ હજારો કપાઈ ગયાં.

૩૭

કાળી રાતે કાળા ચોર

કરાડી છાવણીમાં આજે ગાંધીજી પડયા છે. તેમને માટે ઘાસની ઝુંપડી બાંધી છે. આસપાસ સૈનિકો પડયા છે.

મોડી રાત સુધી બાપુ વૉઇસરૉયને કાગળ લખી સૂતા છે. સૈનિકો પણ દિવસના થાકયા પાકયા સૂતા છે. ચારેકોર અંધકાર ઘેરાયો છે.

પોણા બે વાગે મોટરબસ આવી બારણે ઉભી. ૨૫–૩૦ સિપાઇઓ અંદરથી કૂદી પડયા. એક ગોરો આગળ દોડયો. પાછળ પોલીસનો ઉપરી અને આંટીઆ.

રાઘવન બાપુનો સિપાઇ. ખડખડાટથી ઝબકીને જાગ્યો. હાક મારી પૂછયું કોણ?

પેલે ગોરે 'ચૂપ રહે' કહી તેને બીવડાવવા પ્રયત્ન કર્યો.

રાઘવન ફરી તાડુકયો. જવાબ એનો એ જ. આમ ત્રણ વાર બન્યું. પણ છેવટે જવાબ ન આપતાં સઘળા બાપુની ઝુંપડી તરફ દોડી ગયા.

બધાં જાગી ઉઠયાં. સહુ સમજ્યાં કે બાપુને લઇ જવા કાળા ચોર આવ્યા છે.

એક બહેન તો રડી પડયાં. બાપુએ તેનો બરડો થાબડી છાનાં રાખ્યાં.

પેલા અમલદારે જંગલી માફક બાપુ ઉપર વીજળીની બત્તી ધરી. બાપુએ મોં ફેરવ્યું.

ગોરો બોલ્યો, "હું તમને પકડું છું."

"મારું જ કામ છે ના?" બાપુએ પૂછ્યું.

પછી નામ ઠામ પૂછાયાં. જાણે કંઇ જ બન્યું ન હોય એમ બાપુએ દાતણ મંગાવ્યું. દાતણ કરતા જાય અને પછી કરવાના કામના હુકમ દેતા જાય.

સરકારે તેમને આજથી સો વરસના કાયદા પ્રમાણે પકડયા.

વખત ન હતો. એકતારો આવ્યો. સૌ એક-ધ્યાન થયા. પંડિતજીએ ગાયું:

"વૈષ્ણવજન તો તેને કહીએ
જે પીડ પરાઇ જાણે રે...."

બાપુ ખરા વૈષ્ણવજન હતા. સહુ તેમનાં દર્શન કરી 'એકોતેર કુળ' તારતા હતા.

ગામ લોક ભેગું થયું. વખત થઇ ગયો. બાપુ મોટરમાં બેઠા. ખરરર મોટર ઉપડી ગઇ. સ્ત્રીઓ ગાવા લાગી:

"બાપુને શરણે આવજો રે
અવસર છે છેલ્લો.........."
"દાતણ કરતા જાવ રે ગાંધીજી
સ્વરાજ લેઇ વહેલા આવજો રે."

આમ બાપુ ગયા. નવસારી સ્ટેશને એક સલૂન ઉભું હતું. તેમાં બાપુને બેસાડયા. ગાડી મુંબાઇ તરફ ઉપડી ગઇ.

આ રાત હતી ૫મી મેની. આમ કાળી રાતે કાળા ચોર બાપુને લઇ ગયા.

યરવડા મંદિર બન્યું

બીજે દિવસે સવારે બોરવલી સ્ટેશનથી દૂર ગુજરાત તરફની ગાડી આવી, તે પહેલાં એક ભૂરી મોટર ઉભી હતી. કેમ ઉભી છે તેની કોઇને ખબર ન હતી.

ગાડી આવી. છેલ્લા ડબ્બામાંથી કોઇને ઉતાર્યા અને સીધા પાછલે દરવાજેથી તેમને દોર્યા. ત્યાં અમેરિકા દેશના એક ખબરપત્રીએ વાત કરી. પોલીસે તે તરફ કોઇ ન જાય તેવી ગોઠવણ કરીજ રાખી હતી. મોટરમાં બેસાડીને લઇ ગયા.

બીજે દિવસે છાપામાં સરકારે એક યાદી બહાર પાડી ત્યારે ખબર પડી કે પેલી ભૂરી મોટર બાપુને માટે હતી. અને યરવડા જેલમાં મોટર દ્વારાજ પહોંચાડવામાં આવ્યા હતા.

ગાંધીજીને આ જેલ પરિચિત હતી. દશ વરસ ઉપર આ જેલમાં બાપુ રહી આવેલા.

લોકોએ તે જેલને મંદિરજ માન્યું. આવા પવિત્ર પુરુષ જ્યાં વસે ત્યાં મંદિરજ થાય ને?

૩૯

સત્ સંગ્રામ ચાલુ

બાપુ જેલમાં પૂરાયા. તે પહેલાં સરકારે કેટલાયને પૂરી દીધેલા.

જવાહર પૂરાયેલા. સરદાર વલ્લભભાઈ પૂરાયેલા. નરીમાન પૂરાયેલા. હજારો પૂરાયેલા.

૧૯૨૧માં અસહકાર પોકારાયેલો ને બાપુને જેલમાં પૂરેલા. પછી લડાઈ બંધ પડી હતી. આ વેળા એક અંગ્રેજ બોલેલો કે "ગાંધીને પકડયા પછી એક કુતરું એ ભસ્યું નથી."

આ વેળા ગાંધીજી પકડાયા પછી તેમની હાજરીમાં જંગ મંડાય તેથી વધારે જંગ મંડાયો.

એક હલ્લો પ્રજાએ સરકાર ઉપર આબાદ કર્યો છે. આ બધા હલ્લામાં શું શું થયું, હુલ્લડ-ખોર કોણુ કોણુ હતા. તે બધુંયે જાણવા માટે હવે પછી કોઈ વાર વાત આગળ માંડીશું. આજ તો બોલો:

—ભારત માતાકી જય.—

ઉષા

ગૂજરાતી સ્ત્રીઓનું એકમાત્ર મુખપત્ર

અને તેની સાથે

અ રુ ણ

બાળમાનસને અનુકૂળ એવું માસિક

જોડાએલું રહેશે

ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી કાકાસાહેબ કાલેલકરે આદેશલેખ લખીને આ માસિકની પ્રાણપ્રતિષ્ઠા કરી છે.

'કૌમુદી'ની સાઇઝ, સુંદર કાગળ, અને સુંદર મોટા ટાઇપમાં સુંદર છપાઇ

ૐ

લવાજમો

ઉષા અને અરુણના એકસાથે વરસના	૩-૮-૦
અરુણનું છુટક વાર્ષિક લવાજમ	૧-૮-૦



ઉષા પ્રકાશન મંદિર : આણંદ

પૂઠું છાપનાર : કુમાર પ્રિન્ટરી : અમદાવાદ